



**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**
એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**



**લવાજમ**

વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર


**વર્ષ - ૬ અંક : ૬૯ જાન્યુઆરી-૨૦૧૩**


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૨ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૩ |
| ૦૩. | રંગમહોલમાં શ્રી ઘનશ્યામ મહારાજ | ૦૪ |
| ૦૪. | છપિયામાં ઘનશ્યામ મહારાજનો પરચો | ૦૬ |
| ૦૫. | વચન વાળે તે સુખી રહે | ૦૭ |
| ૦૬. | પ.પૂ. મોટા મહારાજશ્રીની અમૃતવાણી (સીડની-ન્યુઝીલેન્ડ) | ૦૮ |
| ૦૭. | જુઓ, પાપ બળે છે | ૧૦ |
| ૦૮. | આજ્ઞાંકિત શાર્દૂલ ભગત | ૧૨ |
| ૦૯. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૩ |
| ૧૦. | આનંદની હેલી | ૧૫ |
| ૧૧. | સત્સંગ બાલવાટિકા | ૧૬ |
| ૧૨. | ભક્તિ સુધા | ૧૮ |
| ૧૩. | પ્રશ્ન પેટી | ૨૧ |
| ૧૪. | સત્સંગ સમાચાર | ૨૨ |

# ॥ અસ્મદીયમ્ ॥

ગુજરાત રાજયની વિધાન સભાની ચૂંટણીનું પરિણામ જાહેર થયું. તેમાં ભાજપ પક્ષની જીત થઈ. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પક્ષની જીત બાદ પ્રજા સમક્ષ કહ્યું કે હવે અમારે પાંચ વર્ષ તમારા પ્રશ્નો, તમારી ફરિયાદનો નિકાલ કરવાનો છે. જલસા નથી કરવાના. તમારા વિશ્વાસને જીતવાનો છે. તેમ આપણે પણ આવો મહામૂલો મનુષ્ય દેહ ભગવાને આપ્યો છે તે જલસા કરીને જીવન વેડફવા માટે નથી આપ્યો. આપણા અનેક જન્મના પુણ્ય ઉદય થયા હશે ત્યારે આવો મનુષ્ય દેહ મળે છે. અને તે પણ આવા સ્વામિનારાયણ સંપ્રદાયમાં ભગવાને આપણને જન્મ આપીને આપણું તો પ્રારબ્ધ બદલી નાખ્યું છે. છતાં જીવની અવળ ચંડાઈ છે જે ભગવાન ભજવાનું નામ નથી લેતી.

આવો સુંદર અલૌકિક ધનુર્માસ ચાલે છે. ભગવાન ભજવાનો શ્રેષ્ઠ માસ અને શ્રેષ્ઠ સમય છે. ભગવાને આપણને ભક્તિ કરવા માટે સુગમતા બહુ કરી છે. વહેલા જાગીને સ્નાન પૂજા કરીને નજીકના આપણા મંદિરમાં સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂનમાં અડધો કલાક સતત સ્મરણ કરવાનું, સવારના સમયમાં ન કોઈ ઘાટ સંકલ્પ વિકલ્પ, ન કોઈ નોકરી ધંધાની ઝંઝટ, ખૂબજ સરળ, હા, ફક્ત વહેલા ઉંઘી જવાનું અને વહેલા જાગવાનું, આ તો આપણા દરેક સત્સંગીને નિયમ હોય જ, માટે વ્હાલા ભક્તો આપણા નાના મોટા મંદિરોમાં ધૂનમાં જરૂર લાભ લેશો. આખો મહિનો આવા ભજનમાં વ્યતિત થાય તો આપણું બેલેન્સ વધી જાય. તેથી ધનુર્માસ ધૂનમાં જરૂર લાભ લઈ જીવન સાર્થક કરશો.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

**(ડિસેમ્બર-૨૦૧૨)**



૧૨. નારાયણ પર (કચ્છ) પધરામણી.

૧૪-૧૫. ભચાઉ (કચ્છ) પધરામણી.

૧૬. કલોલ ખાતે ઉત્તર ગુજરાત યુવા સત્સંગ શિબિરમાં પધાર્યા.

૧૭. શ્રી સ્વામિનારાયણ મંદિર અમરાઈવાડી વાર્ષિક પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૮. શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૯. થરા ભાભર ગામે (બનાસ કાંઠા) શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૨૦. શ્રી સ્વામિનારાયણ મંદિર જમીયતપુરા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૧-૨૨. સુખપર (કચ્છ) પધરામણી.

૨૩. શ્રી સ્વામિનારાયણ મંદિર પોર પારાયણ પ્રસંગે પધરામણી.

૨૪. બાલવા ગામે પ.ભ. જેશંગભાઈ લાલાજી ચૌધરીને ત્યાં પારાયણ પ્રસંગે પધરામણી.

૨૫. શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલ ધૂન પ્રસંગે પધરામણી. નારાયણપ (કચ્છ) પધરામણી.

૨૬. નારાયણપર (કચ્છ) પધરામણી.

૨૭. શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સેકટર-૨૩) કથા પ્રસંગે પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર મણીયોર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
કોચરબ પાલડી શ્રી સ્વામિનારાયણ મંદિર પારાયણ પ્રસંગે પધરામણી.

૨૮-૨૯. રામપર (કચ્છ) પધરામણી.

૩૦. શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ (સવારે) અને સાંજે મોટેરા શાકોત્સવ પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયો.

## પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ



**(ડિસેમ્બર-૨૦૧૨)**

૧. મુબારકપુરા શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૪. દેલવાડા ગામે શાકોત્સવ પારાયણ પ્રસંગે પધરામણી.

૯. પ.ભ. સંજયભાઈ આર. સોનીના શો-રૂમમાં પધરામણી, માણેકચોક.

૧૫. શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરડા વિજય સ્થંભ સ્થાપન પ્રસંગે પધરામણી.

૧૬. શ્રી સ્વામિનારાયણ મંદિર ડાંગરવા પાટોત્સવ પારાયણ પ્રસંગે પધરામણી.

૨૬. શ્રી સ્વામિનારાયણ મંદિર મોટેરા પધરામણી.

૨૯. શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલ શાકોત્સવ પ્રસંગે પધરામણી.

# રંગમહોલમાં શ્રી ઘનશ્યામ મહારાજ

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)



આદિ આચાર્ય પ્રવર પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીના પુત્ર પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ કેશવપ્રસાદજી મહારાજ પિતાની જેમ સમાધિનિષ્ઠના અંગવાળા હતા. તેઓ સમાધિ અવસ્થામાં રહીને સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનને અક્ષરધામમાં અનંત મુક્તોની સહિત દર્શન કરતા અને દેહમાં આવીને સંતોને હરિભક્તોને પાસે અક્ષરધામની શ્રીહરિની મૂર્તિનું વર્ણન કરતા. તે સમયે શ્રીજી મહારાજને મળેલા સંતો બધા જ અક્ષરવાસી થઈ ચુકેલા. એટલે તત્કાલીન સંતો અવારનવાર પ.પૂ. કેશવપ્રસાદજી મહારાજશ્રીને અક્ષરધામની મૂર્તિ વિષે પ્રશ્નો પૂછતા. શ્રીજી મહારાજના પધરાવેલા શ્રી નરનારાયણદેવ આદિ સ્વરૂપો શ્રીહરિના જ હોવા છતાં અક્ષરધામમાં અનંત મુક્તોથી વિંટાયેલ મૂળ સ્વરૂપનાં દર્શન ધ્યાન કરવાની સંતોની અત્યન્ત જીજ્ઞાસા હતી. ત્યારે પ.પૂ. કેશવપ્રસાદજી મહારાજશ્રીએ અક્ષરધામમાં રહેલ શ્રીહરિના સ્વરૂપની પ્રતિકૃતિ મૂર્તિ બનાવવાનો વિચાર કર્યો. તે સંતોએ જાણ્યો ત્યારે સંતો ખૂબજ રાજી થયા.

સંપ્રદાયમાં સર્વ પ્રથમ અક્ષરધામના સર્વોપરિ પ્રતિકૃતિ સ્વરુપની મૂર્તિ બનાવવા વડનગરના ખ્યાતનામ પવિત્ર લલ્લુભાઈ શિલ્પી મીસ્ત્રીને પ.પૂ. કેશવપ્રસાદજી મહારાજશ્રીએ બોલાવ્યા અને શ્રીજી મહારાજની મૂળ સ્વરૂપની અક્ષરધામના સ્વરૂપનું અંગો અંગનું વર્ણન અને વચનામૃતના પરથારામાં જણાવેલા ચિન્હો સહિત સંપ્રદાયમાં સર્વ પ્રથમ કાષ્ટની ઘનશ્યામ મહારાજની મૂર્તિ બનાવવા આજ્ઞા કરી. મીસ્ત્રીએ પોતાની આવડત પ્રમાણે કાગળમાં સ્કેચ કરીને વડનગર આવી પોતાના વર્કશોપમાં સારામાં સારા લાકડાને લાવ્યા.

અક્ષરધામમાં બિરાજમાન સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ બનાવવાની શરૂઆત કરી. ત્યારે મૂર્તિને આકાર આપતા આપતા મનમાં દ્વિધા ઉત્પન્ન થઈ. તે સમયે અક્ષરાધિપતિએ પ્રત્યક્ષ દર્શન આપ્યાં અને કહ્યું કે મીસ્ત્રી મુંઝાશો નહી. અમારા અંગો અંગનું માપ લઈ લો. તેજના પુંજમાં બિરાજમાન

શ્રીહરિના અંગો અંગના માપ સાઈઝ રુપની નોંધ કરી. ત્યાર પછી ઘડતર કામ શરૂ કર્યું. જેમ જેમ ઘડતર કરતા જાય તેમ તેમ આબેહૂબ આકૃતિ તૈયાર થતી જાય. જ્યારે જ્યારે દ્વિધા ઉત્પન્ન થાય એટલે તુરત શ્રીહરિ દર્શન આપતા. આશરે છ મહિનાના સમયગાળા દરમ્યાન મૂર્તિના ઘડતર કામ પર્યન્ત મીસ્ત્રીએ પોતાની પત્ની કે પરિવારની સાથે વાત સુધા પણ કરી નહિ. તેઓના ધર્મપત્ની પતિની સાધનારુપી મૂર્તિની સેવામાં મદદરૂપ થવા વર્કશોપમાં લાજ કાઢીને જમવાની થાળ મુકી આવતા.

અણીશુધ્ધ બ્રહ્મચર્યવ્રતના પ્રતાપે મૂર્તિ તો એવી બની કે જાણે અક્ષરધામમાંથી પ્રત્યક્ષ ભગવાન આવીને ખડા થયા.

મૂર્તિને અમદાવાદ મંદિરમાં લાવવા પ.પૂ. આચાર્ય કેશવપ્રસાદજી મહારાજ સ્વયં વડનગર પધાર્યા. મૂર્તિ જોઈને બોલ્યા કે આ મૂર્તિ પ્રત્યક્ષ મહારાજ છે. જેવા અક્ષરધામમાં સર્વોપરિ સ્વરૂપ છે તેવા જ સાંગોપાંગ મહારાજની મૂર્તિનું ઘડતર કર્યું છે. બાપજીએ મીસ્ત્રીને પોતાની પૂજામાં રહેલ પ્રસાદીના શ્રીહરિનાં ચરણારવિંદ આપી રાજી કર્યા. તે દિવસથી મીસ્ત્રી શ્રીજી મહારાજને જ્યારે યાદ કરે ત્યારે દર્શન આપતા.

શ્રી ઘનશ્યામ મહારાજની કાષ્ટની મૂર્તિને શ્રીહરિનું નિવાસસ્થાન રંગમહોલમાં એક કબાટ બનાવી તેમાં રાખવામાં આવ્યું. થાળ-આરતી પૂજા શરૂ કરી. પીતાંબર ઘનશ્યામ મહારાજનું સંતો ધ્યાન કરતા ત્યારે આ મૂર્તિ અને અક્ષરધામની મૂર્તિ એક થતી. થોડા વર્ષ માત્ર થાળ પૂજા થતી. ત્યાર પછી વિક્રમ સંવત ૧૯૪૨ ના વર્ષે કારતક સુદ-૧૨ ના દિવસે વિધિવત પ.પૂ. આચાર્ય શ્રી કેશવપ્રસાદજી મહારાજશ્રીએ પ્રાણપ્રતિષ્ઠા વિધિ કરી. ત્યાર પછી વાઘા વસ્ત્રો ધરાવવાની શરૂઆત થઈ.

આ રંગમહોલમાં પ્રતિષ્ઠિત શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિના આધારે સંપ્રદાયમાં અન્ય મંદિરોમાં મૂર્તિઓ બનાવી પ્રતિષ્ઠા કરવામાં આવી. પણ **રંગમહોલના ઘનશ્યામ મહારાજની કોપી કોઈનાથી આજ સુધી થઈ નહિ.**

**"એવી ત્રિભુવનમાં નવ દીઠી રે, મૂર્તિ મરમાળી."**

કોઈને પણ અક્ષરધામમાં બિરાજમાન શ્રીજી મહારાજના સ્વરુપનાં દર્શન કરવાં હોય તો આવો રંગમહોલમાં અમદાવાદમાં બિરાજે છે. વર્ષોથી સંતો-હરિભકતો મૂર્તિની સામે બેસી ધ્યાન કરતા હોય છે. ધ્યાન કરવાનું સ્વરૂપ હોવાથી અત્રે આરતી અને અન્ય ઉત્સવો રાખવામાં આવતા નથી. માત્ર ચકોરપક્ષી જેમ ચંદ્ર સામું જોઈ જ રહે એમ મુક્તો મૂર્તિની સામે બેઠાજ હોય છે.

આ મૂર્તિ કેશવપ્રસાદજી મહારાજની સાથે અનેકવાર વાત કરતી. પ.પૂ. ધ.ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી કલાકોના કલાક સુધી આ મૂર્તિની સામે બેસી રહેતા. વર્તમાન આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજ પૂજામાં આ મૂર્તિ રાખીને ધ્યાન કરે છે.

આ મૂર્તિ દ્વારા સંતો-હરિભક્તોને અનંત પરચાઓ થયા છે અને આજે પણ થઈ રહ્યાં છે. ઘનશ્યામ મહારાજે જે જે ભક્તોને કેવા પરચાઓ દર્શન આપ્યા તેની વાતો આગળના લેખમાં લઈશું.

પરંતુ વડોદરાના સયાજીરાવ ગાયકવાડે પોતાના માટે આવી મૂર્તિ બનાવવા લલ્લુભાઈ મીસ્ત્રીને હુકમ કર્યો. પરંતુ મીસ્ત્રીએ બે હાથ જોડી ના પાડી. હવે મારાથી બીજી મૂર્તિ આવી તો નહિ જ બને. આ મૂર્તિને ૧૨૮ વર્ષ થયાં. મનુષ્ય રુપે જેવા મહારાજ હતા તેવા જ સ્વરૂપે અક્ષરધામમાં બિરાજે છે. અને તેવા જ રુપે રંગમહોલમાં બિરાજમાન છે. જ્યાં આજે પણ અખંડ કીર્તનો ગવાય છે. ભદ્રકાળી પાસે એક ભક્તએ મોક્ષ માગ્યો તો માતા મુમુક્ષુને રંગમહોલ સુધી લઈ આવીને કહ્યું. મોક્ષ તો અહીજ છે.

મંદિરોમાં બિરાજમાન બધા જ સ્વરુપો શ્રીજી મહારાજના જ છે. તેમાં જરાપણ રતિભાર અંતર નથી. પરંતુ મૂળ સ્વરૂપની આકૃતિ રંગમહોલના ઘનશ્યામ મહારાજ સ્વયં છે. ધ્યાનના સાચા અંગવાળા સંતો-હરિભક્તો આ મૂર્તિનું જ ધ્યાન કરે છે. પણ કેટલાક પોતાના મંદિરમાં બિરાજમાન સ્વરૂપના આત્મબુદ્ધિથી અલગ અલગ સ્વરૂપનું ધ્યાન કરે છે અને પ્રતિપાદન કરે છે.

ઘનશ્યામ મહારાજની મૂર્તિને કેટલાક વર્ષ સુધી રાખવામાં આવેલ લાકડાનું બોક્ષ હાલ નરનારાયણદેવના કોઠારમાં છે. જેમાં થાળનો પ્રસાદ મુકવામાં આવે છે. એટલે પ્રસાદ પણ સંપ્રદાયમાં વખણાય છે.



# છપિયામાં ઘનશ્યામ મહારાજનો પરચો

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

સર્વાવતારી પરબ્રહ્મ ભગવાન શ્રી ઘનશ્યામ મહારાજના જન્મ સ્થાન છપિયાધામમાં જન્મ સ્થાન મંદિરનું નવ્ય ભવ્ય વિશાલ સ્વરૂપે નૂતન બાંધકામ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી છેલ્લા પાંચ વર્ષથી સુંદર સંગેમરમર (આરસ)નું વડે શિલ્પ શાસ્ત્રના મુજબ નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. મહંત સ્વામી બ્રહ્મચારી વાસુદેવાનંદજી સંતો હરિભક્તોના તન, મન, ધનના સહયોગથી ખૂબજ પુરૂષ પ્રયત્ન કરી રહ્યાં છે. છપિયાધામમાં દર્શને આવતા યાત્રાળુઓ ઉદાર હાથે પોતાની યથાશક્તિ સેવા કરી રહ્યાં છે. આશરે બાર કરોડના ખર્ચે તૈયાર થનાર નિર્માણકાર્ય આશરે ૯૦% જેટલું પૂર્ણ થવા પામ્યું છે. આ કામના શિલ્પી ભાવેશ અને સુરેશ સોમપુરાના શિલ્પીઓ ઘડતર ફીટીંગ કરી રહ્યાં છે. ઘનશ્યામ મહારાજની મૂર્તિને યથાવત રાખીને મંદિર બને છે.

ઘનશ્યામ મહારાજ બાળ સ્વરૂપે હાજરા હજૂર છે. તેવા અનેક પરચાઓના દર્શન હરિભક્તોને થાય છે. તેમાં ગઈ તા. ૧૦ નવેમ્બર એકાદશીના દિવસે ઘનશ્યામ મહારાજની મૂર્તિની સામે ધર્મકુળની મૂર્તિઓનું રૂપકામ ઘડી રહેલા શિલ્પીને પાસે એક બાળક માથે ભુરા વાળા ૧૧ વર્ષની ઉંમરના સફેદ વસ્ત્રોમાં તિલક ચાંદલો કરેલ. આ બાળકે શિલ્પીને મોટી પાકી સુગંધીદાર કેરીઓ બે આપીને નીચે ઉતરી ગયા. થોડી ક્ષણ પછી શિલ્પીને વિચાર આવ્યો કે સિજન વિના આવી કેરીઓ આપનાર બાળક કોણ હશે ? તો પાછળ તેને બોલાવા ગયા તો તે બાળકને જન્મ સ્થાનના ભોયરામાં જતો જોયો પણ અંદર અદૃશ્ય થઈ ગયો ! આ વાતનો વધુ વિચાર કરવાનો ઘનશ્યામ મહારાજે અવકાશ ના આપ્યો. વિચારો પર માયાનું આવરણ મુકી દીધું. આ કેરીઓ શિલ્પીએ ન ખાતાં ચાર વાગે ભગવાનને જગાડતાં મેવામાં ધરાવીને પ્રસાદ રૂપે મહંત સ્વામી પાસે લઈ ગયા તો આવી સિઝન સિવાય અમૃત જેવી કેરીઓ કોને કેવી રીતે આપી ? તો શિલ્પીઓએ વર્ણન કર્યું તે મુજબ ભગવાન શિલ્પી પર રાજી થઈને પ્રસન્નતાના પ્રતિક રૂપે કરીઓ આપી. કેરીનો પ્રસાદ તો વહેંચાઈ ગયો પણ ગોટલી મુકી રાખી છે. તે કેરીઓ ક્યા બગીચાની છે ! ક્યા લોકની છે ! એ તો છપિયાના ઘનશ્યામ મહારાજ જાણે ! પણ ચાર-પાંચ વર્ષના સમયથી ઘડતર કરી રહેલા શિલ્પીને ધર્મકુળના રૂપને ઘડતાં ઘનશ્યામ મહારાજ રાજી થયા એ વાત સત્ય છે. આ પરચાને ૫૦૦ હરિભક્તોએ પ્રત્યક્ષ જોયો છે. એવું એક હરિભક્તે વર્ણન કર્યું તો વાત સાંભળીને રૂંવાડા ખડા થાય છે. ઘનશ્યામ મહારાજ જન્મસ્થાનમાં પ્રગટ બિરાજમાન છે. તેવા પરચાઓમાં એક ઉમેરો થયો. આમ તો એક મહિનો પણ પરચા વગરનો ખાલી જતો નથી એમ મહંત સ્વામી બ્રહ્મચારી વાસુદેવાનંદજી કહે છે.

# વચન પાળે તે સુખી રહે

- સાધુ હરિકૃષ્ણદાસજી (એપ્રોચ-બાપુનગર)

ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું, આપ તો સાક્ષાત્ પરમેશ્વર છો. પોતાના ભક્તોને માટે જ આપ પ્રકટ થયા છો. શ્રી રામાનંદ સ્વામીએ આપને જેમ કહ્યું છે તે પ્રમાણે આપ પ્રભુ મનમાં વિચાર કરીને જે રીતે ભક્તોનું હિત થાય તેવો નિર્ણય કરો. ગુરુ રામાનંદ સ્વામીની મરજીને આપ યથાર્થ રીતે જાણો છો. તેઓ આપને જેવી પ્રેરણા કરે તે રીતે અમે બધા કરશું. જે ગુરુ રામાનંદ સ્વામી હતાં. અત્યારે અમે આપને તેમને સ્થાને માનીએ છીએ. બહુનામી આપ અમારા સ્વામી છો. એટલે આપ અત્યારે અમને જે આજ્ઞા કરો તેને અમે સાચા અર્થમાં માનશું. અત્યારે આપ જે વચન બોલશો તેને અમે સ્વામીના જ વચન માનશું. આપ જે કહેશો તે અમે કરશું. તેમાં અમારો પગ પાછો નહિ રહે. અમે આપને હાથ જોડીને કહીએ છીએ કે આપ અમને જેમ રાખશો તે પ્રમાણે અમે રહેશું. અમે અમારું આ શરીર આપને અર્પણ કરી દીધું છે. હવે અમે તેને પાછું લેવાના નથી.

વચન પાળે તે સુખી રહે

આપની નજરમાં જેવું આવે તેવું આ શરીરને રાખો. શરીર હવે લેશમાત્ર પણ અમારું નથી. જો તેને અમે અમારું કહીએ તો અમે ખુવાર પાયમાલ થઈ જઈએ. અમારો આત્મા અને દેહ બધું આપનું જ છે. અમે દેખીએ-વિચારીએ છીએ કે તેમાં અમારું કાંઈ જ નથી. તેને જ્યાં સુધી અમારું કહેવાય છે ત્યાં સુધી તેમાં માયાનું બંધન દેખાય છે. અહંકાર અને સમર્પણ એ બે બાબત એક સાથે ક્યારેય નહિ રહે. હવે અમારે સમર્પિત થઈને આપની વાતને જ માનવી છે. બીજી વાત એટલે અહંકાર રાખનારા ઘણા દુઃખી થયા છે. તે આપે પણ બતાવ્યું જ છે. આપની આજ્ઞા નહિ માનીને જે આગળ જવા માગતા હતા તે બધા ખૂબજ ફજેત થયા છે. સીતા અને લક્ષ્મણ જેવા અનુપમ ભકતો પણ વચનભંગ થયા તો દુઃખના કૂવામાં પડ્યા હતા. ભવ બ્રહ્મા અને  ઈન્દ્રાદિ દેવો અને નારદ મુનિએ આપનું વચન જો તજી દીધું તો તેઓ ઘણા જ ફજેત અને દુઃખી થયા હતા તે આપે જ દેખાડ્યું છે. આપે પોતાની દૃષ્ટિ અમને આપીને જીવના દોષ દેખાડ્યા છે. તે જીવ પોતાની દૃષ્ટિથી પોતાના દોષોને ક્યારેય દેખી શકતો નથી. તે તો પોતાને હંમેશાં નિર્દોષ જ માને છે.

માન ધાર્યું મૂકે તે મુક્ત થાય :

જે મનુષ્ય અહંકારથી પોતાનું ધાર્યું કરે છે તો તે બધા દોષ જીવને જ લાગે છે પણ સમર્પણના ભાવથી પરમેશ્વરના વચન પ્રમાણે જે વર્તે છે તે તો નિર્દોષ રહે છે. મુક્તાનંદ સ્વામીના વચન સાંભળીને શ્રીહરિ એ કહ્યું, સાક્ષાત્ લક્ષ્મીજી જે ગુણો ને પ્રાપ્ત કરવા ચાહે છે તે ગુણોને તમે અત્યારે પ્રાપ્ત કરી લીધા છે. મનુષ્ય જ્યાં સુધી અહંભાવથી પોતાનું ધાર્યું કરે છે ત્યાં સુધી તેમાંથી જીવભાવ જતો નથી. અને જ્યારે તે પરમેશ્વરના વચન પ્રમાણે ચાલવા લાગે છે ત્યારે તેમાં પરમેશ્વરનાં બધા સદ્‌ગુણ આવીને રહે છે. જ્યારે તેમાં પરમેશ્વરના ગુણો આવે છે ત્યારે તે અત્યંત પ્રતાપી થઈ જાય છે. પુરુષ અને પ્રકૃતિના લોક સુધીના બધા જ સુખોને આવો પુરુષ હળાહળ ઝેર જેવા સમજે છે. તે દેહ નિર્વાહ તો સહજ સ્વભાવે કરતો રહે. પોતાના શરીરની સંભાળ પૂરી ન રાખે. તે સહુથી અધિક માલ પરમેશ્વરમાં જે છે એમ માને. તે ભક્ત પરમેશ્વર સિવાયના જેટલા સુખ-ભોગ કહેવાય છે તેને મહાભયાનક દુઃખરૂપ માને. આવો જ હોય તે જ સાચો પરમેશ્વરનો ભક્ત ગણાય. તે સિવાયના બીજા બધા તો કાચા ગણાય. તમને તે બાબતનું જ્ઞાન થયું છે. માટે તમે પરમેશ્વરના કૃપા પાત્ર થયા છો. થોડા પુણ્યે આ વાત બધાને સમજાતી નથી.

ખપ હોય તેટલું અંગ વૃદ્ધિ પામે :

સહુ એક સરખો જ સત્સંગ કરે છે, પણ જેવો ખપ હોય તેવું અંગ વધે છે. અત્યારે જે મુમુક્ષુઓ આવીને અમારી સાથે રહે છે. તેમાં જે કાંઈ માયાના દોષ રહ્યા હશે તેનાથી તેમને શુદ્ધ કરવા છે. કે તેઓ ફરીવાર ક્યારેય માયાના દોષને લીધે અશુધ્ધ થાય જ નહિ. અમારો તો આવો સિદ્ધાંત છે. અને તેને માટે જે અમે વારંવાર પ્રકરણ ફેરવતા રહીએ છીએ. અમે સત્સંગમાં જે ફરીએ છીએ, તે પણ આટલી વાત સમજાવવાને માટે ફરીએ છીએ. જે અનંત સાધન શાસ્ત્રમાં કહ્યા છે તે પણ આટલી વાત શિખવાને માટે જ કહ્યા છે.

# પ.પૂ. મોટા મહારાજશ્રીની અમૃતવાણી (સીડની-ન્યુઝીલેન્ડ)

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)
સહયોગ : હજુરી પાર્ષદ શ્રી કનુ ભગત
ગુરુ હજુરી પાર્ષદ વનરાજ ભગત



જગતની એટેચમેન્ટ ઓછી કરવી અને ભગવાન સાથેનું એટેચમેન્ટ વધારવું એનો અર્થ એવો નથી કે આપણે વ્યવહાર ન કરવો કે ધંધો ન કરવો. બધું જ કરવાનું છે. પણ પેલો પોસ્ટમેન હોય ને તેની પાસે લાખોના મનિઓર્ડર આવે, વેડીંગની કંકોત્રીઓ આવે, બેસણાના કાર્ડ આવે. પરંતુ એની સાથે એને એટેચમેન્ટ ન રહે, એ બધું જ ડિસ્ટ્રીબ્યુટ કરી દે. બેંકના મેનેજર પાસે કરોડો રૂપિયાની નોટો હોય તે એની ન હોય એમ આપણે જગતમાં વ્યવહાર કરવો પડે, કુટુંબની જવાબદારી જાળવવી પડે. પણ એમાં એટેચ ન થઈ જવાય એટલું બધું.

ઘણા લોકો તો છેલ્લી ઘડી સુધી એટેચ હોય છે. ઘણી વખત એક દાખલો આપું છું કે એક શેઠ હતા. તેમને ત્રણ દીકરા હતા. શેઠનો અંતકાળ આવ્યો, છેલ્લી ઘડી દેખાણી કહે, મારા દીકરાઓ ક્યાં છે ? વારા ફરતી બધાને બોલાવ્યા. મોટો ક્યાં છે ? અહીં છે. નાનો ક્યાં છે ? અહીં છે. ત્રણ ત્રણ દીકરા તેમની પાસે વેલસેટ હતા. છેલ્લા શ્વાસ ચાલતા હતા અને ગરમ થઈ ગયા શેઠ ? તમે બધા અહીં બેઠા છો તો ઓફિસ કોણ સંભાળશે ? છેલ્લી ઘડી સુધી મોહ જતો નથી. આપણે સત્સંગમાં કરી કરીને એ જ કરવાનું છે. ડીટેચ થઈને એટેચ રહેવાનું છે. જગત સાથે નિર્લેપ થઈને જગતમાં રહેવાનું છે.

જગતની જે માયા છે તે વચનામૃતના આધારે જોઈએ તો જગતના જીવોને માયા વિઘ્ન કર્તા બને છે અને એજ માયા ભગવાનના ભક્તોને ભક્તિમા પોષણ કર્તા બને છે. બહુ સિમ્પલ એકઝામ્પલ છે. મહારાજે કહ્યું ને કે ભજન ભક્તિ કરવામાં જે આડી આવે તે માયા. આપણો મોબાઈલ ઘણી વાર આડો આવે. પૂજામાં બેઠા હોઈએ અને વાગે. કથામાં બેઠા હોઈએ અને વાગે. પણ એ જ મોબાઈલનો ઉપયોગ સત્સંગ-ભક્તિમાં સહાયરૂપ થઈ શકે છે. ઘેરથી મોબાઈલ દ્વારા પૂછીએ કે કેટલા વાગ્યે આરતી છે ? કેટલા વાગ્યે કથા છે ? તો એ જ આપણને સપોર્ટીંગ બને છે. આપણી પાસે લક્ષ્મી હોય, ધન હોય તો એ ધનનો સદુપયોગ કરીએ ભગવાનને અર્થે તો એ માયા ભક્તિમાં સપોર્ટીંગ બની. આપણે બધા એક કુટુંબના છીએ તો ભેગા મળીને સત્સંગ કરવાનો છે. આપણે મંદિરો કરીએ, કથા વાર્તા કરીએ, ઉત્સવો કરીએ તો તેનો હેતુ એ જ છે કે આપણું એટેચમેન્ટ જગતથી ઓછુ થઈને ભગવાન પ્રત્યે આપણો સ્નેહ વધે.

જ્યારે હું નાનો હતો ત્યારે છપૈયા ગયેલા અમે. અમારી ગાડીનો ડ્રાયવર બહુ ટીખળી હતો, બહુ રમૂજી હતો. ઉનાળાનો સમય હોય, રાત્રે ગાડી ચલાવતા હોઈએ. ત્યારે શેરડીના ગાડા, શેરડી ભરેલા ગાડા ત્યાંથી પસાર થતા હતા. ઉનાળાનો સમય એટલે ગાડા ખેડૂત બળદ

ચાલતા રાખીને ઉંઘી ગયેલો. બળદ ટેવાયેલા હોય એટલે સવારમાં ગાડું સુગર મીલ પહોંચાડી દે. બળદ ચાલ્યા જતા હતા એટલે ખેડૂતને એમ કે સવાર પડતા સુગર મીલ પર પહોંચી જઈશું. ડ્રાયવરે આ જોયું તેથી ડ્રાયવરને રમૂજ સૂઝી. ધીરે રહીને બળદોની રાશ પકડીને ગાડું પાછું વાળું લીધું. પેલો ખેડૂત સૂઈ રહ્યો. અને પરિણામ શું આવ્યું ખબર છે. સવાર પડી ત્યારે ગાડું ઘેર પાછું આવી ગયેલું. (સભામાં હસાહસ !) માટે જાગતા રહેવું. આપણું ગાડું કોઈ પાછું વાળી ન લે તેનું ધ્યાન રાખવું (આ વાત હાસ્યરસ વાળી છે. પરંતુ બહુ સમજવા જેવી હિતની વાત છે)

આપણા દેશમાં શેળો થાય છે. ગામડામાં, ખેતરમાં હોય છે. કાંટાવાળો હોય છે. બહુ નાનો હોય છે. ઘણીવાર નાના દડા જેવો થઈ જાય. તેને એક ઘુવડે પૂછ્યું કે તું રાત્રે સૂઈ જાય છે ને ત્યારે તારા કાંટા ઉભા રહે છે એવું કેમ ? શેળાએ બહુ સરસ જવાબ આપ્યો કે હું તો સૂઈ જઉં છું. પરંતુ મારા દુશ્મનો ક્યાં સૂએ છે ? એટલા માટે જ મારે કાંટા ઉભા રાખવા પડે છે. માટે મુમુક્ષુ માત્રએ બહુ સજાગ રહેવાની જરૂર છે.

મહારાજે દરેક વાતની બહુ સ્પષ્ટતા કરી છે. કંઈ કાચું રાખ્યું નથી. બહુ ચોખ્ખી વાતો કરી છે તો પણ ઘણા યુક્તિએ કરીને લોકો આગળ અવળા અર્થઘટનો કરીને વાતો કરતા હોય છે. પછી પ.પૂ. મોટા મહારાજશ્રીએ વચનામૃત ગઢડા પ્રથમનું ૪૮ તથા અન્ય વચનામૃતના આધારે શ્રીજી મહારાજ અને નરનારાયણદેવમાં લેશ માત્ર ફેર નથી એવા આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનના વચનોના આધારે શ્રી નરનારાયણદેવનો ખૂબ મહિમા કહ્યો અને શ્રી નરનારાયણદેવનો દ્રઢ આશરો રાખવાની વાત કરી જે અગાઉના આશીર્વચનમાં પ્રકાશિત થઈ ગઈ છે તેથી અત્રે વિસ્તારથી લખી નથી.

મહારાજે સંપ્રદાયની રચના માટે બહુ દાખડો કરેલો છે. એક એક સત્સંગીને રાજી કર્યા છે. એક એક મુમુક્ષુનું કેમ કલ્યાણ થાય, કેમ અક્ષરધામનો અધિકારી થાય એ માટે મહારાજે પ્રયાસો કર્યા છે. મુક્તાનંદ સ્વામીને મહારાજ મનુષ્યલીલા કરે તેમાં વિશેષ રસ પડતો. મુક્તાનંદ સ્વામી કહેતા કે અલૌકિક મૂર્તિ હોય તે અલૌકિક લીલા કરે તેમાં કંઈ નવાઈ નહીં, પણ અલૌકિક મૂર્તિ હોય અને તે લૌકિક મનુષ્ય લીલા કરે તેમાં બહુ મજા આવે. જેમ દેશના વડાપ્રધાન હોય તે કારમાં કે વિમાનમાં બેસીને ફરવા નીકળે તો બધાને સહજ લાગે પણ તે સાયકલ ચલાવે તો બધાને જોવાની મઝા પડે અને તે ઘટના મિડીયાવાળા, છાપાવાળા પણ પ્રકાશિત કરી દે ! એમ મહારાજ આપણને અલૌકિક સુખ આપવા માટે મનુષ્યદેહ ધારણ કરીને આપણી વચ્ચે રહ્યાં છે. પોતાના ભક્તોને લાડ લડાવ્યા છે. અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિ આપણને મળ્યા છે.

વનવિચરણમાં સેવકરામને સાધુ જાણીને મહારાજે તેની સેવા કરી. પરંતુ પછી કૃતધ્ની જાણીને તત્કાલ તેનો ત્યાગ કરી દીધો છે. અને પછી શિક્ષાપત્રીમાં પણ લખ્યું કે તમારે પણ કૃતધ્ની હોય તેનો સંગ ન કરવો. કૃતધ્ની કોણ ? મહારાજે દાખડો કર્યો એ દાખડા સામે ન જુએ તેને કૃતધ્ની જાણવો. મહારાજનો આપણા ઉપર કેટલો ઉપકાર છે ! આપણા દેશમાંથી આપણે અહીં આવ્યા છીએ તો અહીં પણ આપણને મહારાજના મંદિરો મળ્યા છે. તો સત્સંગ કરવો, ભજન કરવું. મંદિરમાં મૂર્તિમાં મહારાજની હાજરીનો અનુભવ થાય તો આપણું કામ થાય.

ચાર સૈનિકો જીપ ગાડીમાં જતા હતા. મેસેજ આવ્યો. આગળ દુશ્મનોનો કેમ્પ છે. માટે જલ્દી પાછા વળો. હવે રસ્તો બહુ સાંકડો હતો. પાછા વળાય તેમ ન હતું. પછી ચારેયે ભેગા મળીને ગાડીને ફેરવી નાંખીને પાછી વાળી દીધી. પછી કેપ્ટને તથા અન્ય સૈનિકોએ પૂછ્યું, તમે કેવી રીતે પાછા આવ્યા છો ? પેલા ચારેય સૈનિકોએ પ્રેકટીકલ કર્યો. પરંતુ સફળતા ન મળી. પછી તેઓ કહે, મોતનો ભય હતો એટલે ગાડી ઉથલાવી નાંખી, હવે કંઈ ન થાય !

એમ આપણે પણ જન્મ-મરણના ભયને નજર સમક્ષ રાખીએ તો આપણી ગાડીની દિશા સહેલાઈથી બદલી શકીએ. માયાજાળમાંથી મોક્ષ તરફ વાળી શકીએ.



# જુઓ, પાપ બળે છે

- ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક (ગાંધીનગર)

ખોખરા ગામના વસ્તો ભગત મહારાજના દર્શને આવ્યા. તેમને જોઈ રાઘવાનંદ સ્વામીએ કહ્યું, ખોખરા ગામમાં આ વસ્તો ભગત મોટેરા છે. જ્યારે તે સત્સંગી નહોતા થયા ત્યારે ગામમાં કોઈ સત્સંગી ન હતું. પણ એ જ્યારે સત્સંગી થયા ત્યારે તેમની પાછળ સો-દોઢસો માણસો સત્સંગી થયા.

વાત સાંભળી શ્રીહરિ બોલ્યા, સ્વામી, પેલું ઘર બળી ગયું એ વાત તમે કહેતા હતા તે જ ગામના આ હરિભક્ત કે બીજા?

વસ્તા ભગત કહે, હા, મહારાજ! એ જ ગામના અમે છીએ.

તમારે સત્સંગ કેવી રીતે થયો? શ્રીહરિએ પૂછ્યું.

હે મહારાજ! વસ્તા ભગત બોલ્યા. પહેલાં તો હું નાનક પંથમાં હતો પણ એમાં મને કંઈ સારપ દેખાણી નહી. તેથી હું મારગી પંથમાં ગયો. ત્યાં પણ મને કંઈ રુચ્યું નહિ. પછી મારો ભાઈ કાનો હતો તેણે મને કહ્યું, તું ભક્તિ તો બહુ કરે છે પણ આમાં તારું કલ્યાણ થાય એવું લાગતું નથી. પછી હું કબીરજીનો ભગત થયો. ત્યાં એક બ્રાહ્મણ કબીરનો ભક્ત હતો. એને મેં પૂછ્યું કે ભાઈ, આપણું કલ્યાણ થાય એવો રસ્તો બતાવો. તો બ્રાહ્મણ કહે અહીંને અહીં પડ્યા રહો અને કબીરજીને ભજો એટલે કલ્યાણ થશે. મેં થોડો સમય એમ ને એમ ચલાવ્યું પણ શાંતિ કે સંતોષ થયા નહિ.

પછી તમે શું કર્યું? મહારાજે ઈંતેજારીથી પૂછ્યું.

પછી બાપા, મને તેજો કોળી નામનો એક સત્સંગી મળ્યો. તેણે કહ્યું કે તારે મોક્ષ પામવો છે ને? મોક્ષમાં હું કાંઈ સમજું નહી એટલે મેં પૂછ્યું મોક્ષ એટલે શું?

તેજો કહે, મોક્ષ એટલે આ જન્મ મરણમાંથી છૂટકારો. ભગવાનના ધામમાં જઈને એમની સમીપે રહેવાનું.

મેં કહ્યું, તેજાભાઈ આ તો તમે બહુ સારી વાત કરી. હું એ જ ઈચ્છું છું. ત્યારે તેજાભાઈએ કહ્યું કે આપણા ગામમાં સ્વામિનારાયણ ભગવાનના સાધુ આવવાના છે. તે આવશે ત્યારે હું તમને બોલાવીશ.

થોડો સમય ગયો એટલે રાઘવાનંદ સ્વામી આવ્યા. હું તેમની પાસે ગયો મને નવો-સવો જોઈને તેમણે પૂછ્યું, તમારે અમને કાંઈ કહેવું છે?

મેં કહ્યું હા, હું એક કબીરજીનું ભજન બોલું તો તેના અરથ તમે કરશો? સ્વામી કહે હા તમે ભજન બોલો. હું આખું ભજન બોલી ગયો. સ્વામીએ સરસ મજાના અરથ કરી દેખાડ્યા.

પછી મેં કહ્યું, આ ભજનના અરથ તમે કર્યા એવા કોઈએ નથી કરી દેખાડ્યા. તમે ભારે મોટા વિદ્વાન દિસો છો. હવે હું તમારો શિષ્ય અને તમે મારા ગુરુ થયા. માટે મારે ઘેર પધારો.

સ્વામી બોલ્યા અમે ત્યાગી સાધુ છીએ. ધન અને સ્ત્રીનો પ્રસંગ નથી રાખતા. સ્ત્રીઓથી અમે દૂર રહીએ છીએ. કોઈ એવું સ્થળ હોય જ્યાં સ્ત્રીઓની અવર-જવર ન હોય તો ત્યાં અમે આવીએ. પછી એમને ઠીક પડે એવા ઘેર હું સ્વામીને લઈ ગયો. નવું ગાદલું પાથરી આપ્યું. તેના ઉપર સ્વામી બેઠા. હું એમની આગળ હેઠે બેઠો.

સ્વામીએ કહ્યું, જુઓ ભગત તમે હવે સ્વામિનારાયણ ભગવાનના પંથમાં ભળ્યા છો. હવે તમારે બીજે ક્યાંય જવું નહિ. સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરવું. દારુ, માટી, ચોરી, અવેરીનો ત્યાગ કરવો. લસણ ડુંગળી ખાવા નહિ. સ્વામિનારાયણ ભગવાનની સેવામાં મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી જેવા મોટા મોટા સંતો છે તેઓ ભગવાનની મૂર્તિના કાવ્ય-કીર્તનો પણ કરે છે. તમારે તેમના રચેલાં પદો શીખીને તે ગાવાં. અત્યાર સુધીમાં તમે જાણ્યે-અજાણ્યે કરેલા સઘળા પાપો હવે બળી

ગયા. સ્વામીની વાત સાંભળવા ત્યાં બીજા ઘણા મનુષ્યો આવ્યા હતા તે બધા પણ મારી જેમ સત્સંગી થયા.

પછી મેં સ્વામીને પૂછ્યું, તમે હમણાં કીધું કે મારા બધાં પાપ બળી ગયાં તે પાપ બળે કેવી રીતે ? મારા કાકાનો દીકરો જેઠો બેઠો હતો તેણે પણ કહ્યું કે પાપ બળતાં હોય તો એ દેખાય નહી ? દેખ્યા વગર શી ખબર ડે કે પાપ બળી ગયાં ?

વસ્તાની વાત સાંભળી મહાપ્રભુ હસવા લાગ્યા. હસતાં હસતાં પૂછ્યું, પછી કેમ થયું ? તે આગળ કહો.

પછી મહારાજ થોડો સમય એમને એમ ગયો. ત્યારબાદ એક દિવસ અચાનક અમારા ખોરડાં સળગ્યા. ઘર વખરી બધી બળવા લાગી. આસપાસના બધાં માણસો ભેગા થઈ ગયા. અને પૂછવા લાગ્યા અચાનક અગ્નિ કેવી રીતે લાગ્યો ? મેં કહ્યું, અમારા સાધુ એ કહ્યું હતું કે હવે તમારા પાપ બળી ગયા સમજવા. તે જુઓ, અત્યારે અમારા પાપ બળે છે સૌ એને પ્રત્યક્ષ દેખે છે.

શ્રીહરિએ પૂછ્યું, તમારા ઘર બળી ગયા તે તમને કંઈ દુઃખ ન થયું ?

વસ્તાએ કહ્યું, ના બાપા લગીરે દુઃખ ન થયું. પાપ બળી ગયાં એમાં દુઃખ શાનું ? આ સંસારમાં ઘરબાર, માલમિલ્કત બધું આવે અને જાય. એ તો ભાગ્યના ખેલ છે. અને ભગવાનની ઈચ્છા છે. પણ કલ્યાણ ક્યે ઠેકાણે મળે છે એ વાત કહોને ! આ તો સ્વામીએ કૃપા કરી, અમારે ગામ આવ્યા અને અમને કલ્યાણનો મારગ દેખાડ્યો. અમારા કેટલા ધન્ય ભાગ્ય કહેવાય ?

મહારાજ બહુ રાજી થયા. વસ્તા ભગત ! આવો તમને મળીએ તમારી છાતીમાં ચરણારવિંદ આપીએ. પછી ખોખરાના બધા હરિભક્તોને કહ્યું, તમે સૌ એક પછી એક આવો. તમારા સૌની છાતીમાં ચરણારવિંદ આપીએ. શ્રીહરિ અતિ પ્રસન્ન હતા.

બધા હરિભક્તો એક સાથે ગગન ભેદી અવાજે બોલ્યા. સ્વામિનારાયણ ભગવાનની જય હો. સ્વામિનારાયણ ભગવાનની જય હો.

પછી શ્રીહરિએ દાદા ખાચરને કહ્યું, આજે હુતાશની છે માટે ગઢાળીને માર્ગે નદીએ ચાલો. ત્યાં સભા ભરશું. સહુ સંતો હરિભક્તો વાજતે ગાજતે નદીએ ગયા. ત્યાં ગાડા ઉપર એક પાટ ગોઠવી. ઉપર ગાદી તકિયા બિછાવ્યા. શ્રીહરિ ગાદી તકિયે વિરાજમાન થયા. પૂર્ણિમાની ચાંદનીમાં રેતીમાં સંતો હરિભક્તોની સભા બેઠી. બહુ અદ્‌ભુત દશ્ય બની રહ્યું. વસ્તો ભગત ગાડાના પાસે જ નીચે બેઠા હતા. તેમને એક વિચાર આવ્યો. સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે તો મારો એક સંકલ્પ સત્ય કરે. ગાડા ઉપરથી નીચે ઉતરી મારો જમણો હાથ પકડી મને એમ કહે કે હવે ભગવાનનું ભજન કરજો. તેના એ સંકલ્પ સાથે જ શ્રીહરિ ગાડા ઉપરથી નીચે ઉતર્યા તેનો જમણો હાથ ઝાલીને કહ્યું, ભગત ! હવે પ્રભુનું ભજન કરજો. વસ્તા ભગવાનની આંખોમાં આંસુ ઊભરાયા. મારા નાથ ! તમે સાક્ષાત્‌ અંતરજામી છો. હવે મારા કલ્યાણમાં કોઈ ખામી નથી.


**નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે**

| | |
|---|---|
| જેતલપુર : www.jetalpurdarshan.com | મહેસાણા : www.mahesanadarshan.org |
| છપૈયા : www.chhapaiya.com | ટોરડા : www.gopallalji.com |
| નારણઘાટ : www.narayanghat.com | વડનગર : www.vadnagar.com |
| પ્રયાગ : www.prayagmilan.org | |

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે નવુ એડ્રેસ**

**shreeswaminarayan9@gmail.com**

# આજ્ઞાંકિત શાર્દૂલ ભગત

- પ્રો. મહાદેવ ધોરિયાણી

આ એ સમયની ઘટના છે જ્યારે સહજ - આનંદના સંદેશક શ્રી સહજાનંદ સ્વામીના પરમ હિતકારી, પ્રીતકારી અને મંગલકારી સંતો સમગ્ર ગુજરાતના ગામડે ગામડે વિચરણ કરીને પોતાના ચારિત્ર્યશીલ જીવનથી અને સદુપદેશથી હજારો મુમુક્ષુઓને નીતિ અને સદાચાર વિશે વાતો કરતા હતા.

અત્રે 'ભાથરોટ' ગામના વાળંદ શાર્દૂલ ભગતના જીવનનો પ્રસંગ ઉલ્લેખનીય છે. પારસમણિનો સ્પર્શ થતાં લોખંડ સુવર્ણ બની જાય, એમ પરમહંસોનો યોગ થયા પછી શાર્દૂલનું સમગ્ર જીવન બદલાઈ ગયું હતું. સૌ કોઈ તેમને 'ભગત' નામથી નવાજતા હતા.

ભાથરોટ ગામના ગરાસદારે નોકરને હુકમ કર્યો કે, ''જા પેલા શાર્દૂલ વાળંદને કૈ આવ કે રાતે એણે ભવાયાના ખેલ ટાણે મશાલ સળગાવીને ઊભા રેવાનું છે.''

નોકરે જઈને ભગતને કહ્યું : ''ભગત ! બાપુએ કેવરાવ્યું સે કે આજે રાતે બાપુ ભવાયા જોવા જવાના સે એટલે તમારે મશાલ લઈને બાપુના ખાટલે ઉભા રેવાનું.''

''બીજલ, તારી વાત સાવ સાચી, પણ મને તો મારા ભગવાનની આજ્ઞા છે કે, 'ભાંડ-ભવાઈ ન જોવા.' એટલે હું નહિ આવું પણ તું બાપુને કે' જે કે મશાલ ભરીને કોઈ માણસને બાપુના ખાટલે જરૂર મોકલીશ.''

બીજલે આવીને કાન ભંભેરણી કરતા કહ્યું : ''બાપુ ! ભગતે કીધું છે કે, ભગવાનની આજ્ઞા કેમ લોપાય, હું ભવાયા જોવા નહિ આવું. તે મશાલ તૈયાર કરી ટાણાહર્ય બીજા કોઈને મોકલશે.''

દરબારનો ક્રોધ આસમાને પહોંચી ગયો. ''આ હલકું વરણ મારી વાતને ઠેબે ચડાવે છે !''

''બાપુ, તમને ખબર છે, જે દિ'થી સ્વામિનારાયણ સાધુ ગામમાં આવ્યા તે દિ'થી નાવું-ધોવું, ટીલાં-ટપકાં કરવાં, ચાપાણી ન પીવા, બીડી ન પીવી, ભાંડ-ભવાઈ ન જોવી વગેરે ફેલમાં ચડી ગયો છે.''

બાપુએ હુકમ કરી ભગતને દરબારગઢમાં બોલાવ્યા. હાથમાં માળા, મુખમાં 'સ્વામિનારાયણ' મહામંત્ર, કપાળમાં તિલક-ચાંદલો - શાર્દૂલ ભગતની શાંત અને સૌમ્ય મુખાકૃતિ જોઈ દરબાર આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા ! અરે ! આને શું કહેવું ને શું ન કહેવું.

શાર્દૂલે નમ્રતાથી સીધો જ પોતાનો નિર્ણય જણાવતા કહ્યું કે, ''મને મારા ભગવાનનીઆજ્ઞા છે કે, ''અમારા આશ્રિતે ભાંડ-ભવાઈ ન જોવા.''

ભગતનો અફર નિર્ણય સાંભળીને દરબારે હુકમ કર્યો કે, ''જો તું મારો હુકમ નહિ માને તો સવારે મારું ગામ છોડીને જતો રહેજે.''

''જેવી બાપુની મરજી, હું કાલે સવારે જ ભાથરોટ ગામને છેલ્લા પ્રણામ કરી દઈશ, પણ મારા ભગવાનની આજ્ઞા નહિ લોપું.''

કહેવાય છે કે ભગતે કુટુંબ સાથે આ ગામને સદાને માટે ત્યજી દીધું અને પંચાળા પાસેના 'સુતરેજ' ગામમાં જઈને ત્યાંના દરબારને સર્વ હકીકત કહીને ગામમાં આશ્રય માગ્યો.

સ્વમાની ભગતને અહીં દરબારે આશ્રય આપી, કુટુંબ-નિર્વાહ માટે પરિવારને આજીવિકા પણ બાંધી આપી.

પંચાળામાં ફૂલદોલનો સમૈયો કરવા પધારેલા શ્રીજીને હરિભક્તોએ શાર્દૂલ ભગતની વાત અથથી ઈતિ સુધી કહી સંભળાવી. શ્રીહરિએ કહ્યું : 'ઓહો.... તો તો ભગત બહુ બળિયા કહેવાય.'

શ્રીહરિએ અજાણ્યા થઈ કહ્યું : ''ભગતે ભવાયા જોઈ જો પ્રાયશ્ચિત કરી લીધું હોત તો વતન ન છોડવું પડત.''

મહારાજ ! આ વાત મેં ભગતને કહી હતી, પણ ભગતે કહ્યું કે, ''જો એમ એકવાર આજ્ઞા લોપીને પ્રાયશ્ચિત કરવાની ટેવ પડી જાય તો અનેકવાર આજ્ઞા લોપાવા માંડે અને પછી તો પ્રાયશ્ચિત કરવાનું પણ બંધ થઈ જાય અને આખરે સત્સંગમાંથી પડી જવાય.''

સભામાં મહારાજને એક હરિભક્તે સમાચાર આપ્યા કે શાર્દૂલ ભગત સભામાં છેલ્લે બેઠા છે. મહારાજે કીર્તનભક્તિ બંધ રખાવી ભગતને આગળ બોલાવી સહર્ષ ભેટી પડ્યા અને રાજીપાના પ્રતીકરૂપે પોતાનો ખેસ ભગતને ભેટરૂપે આપ્યો. મહારાજે સભામાં શાર્દૂલ ભગતની આજ્ઞા પાલનની વાત કરીને સૌને પ્રેરણા લેવાનો ઉપદેશ આપ્યો.

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી.....

### પત્ર નં. ૧૩

સ્વસ્તિ શ્રી અમદાવાદ મહાશુભ સ્થાને પૂજ્યારાધે, ઉત્તમત્તમ, પરમપૂજ્ય ધર્મધુરંધર, ધર્મરક્ષક, અધર્મ ઊચ્છેદક, જ્ઞાનવૈરાગ્યાદિક' સદ્‌ગુણદાયક, કામ ક્રોધ લોભ મોહાદિક અંતરશત્રુનાશક, આધ્યાત્મક અધિભૂત અધિદૈવ ત્રિવિધ તાપ દગ્ધજન્, શાંતિકારક ભક્તજનો પરિદયાકારક, મોક્ષફલદાયક, પરોપકારક, કૃપાસાગર એવં અનેક શુભ ઊપમા લાયક, પ્રગટ પુરુષોત્તમ સ્વરૂપ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી હરિકૃષ્ણ મહારાજની ચિરંજીવી ઘણી હજો. એતાન હલવદથી લ. સાધુ માધવચરણદાસ આદિ સાધુ સર્વે તથા દવે મકનજી તથા મેતા રણછોડ આદિ હરિભક્ત સર્વેના સાષ્ટાંગ દંડવત પ્રણામ સેવામાં અંગીકાર કરવા. વિશેષ લખવા કારણ એ છે જે મહારાજશ્રીને શરીરે કસર જેવું સાંભલ્યામાં આવ્યું હતું તે શ્રીજી મહારાજે સુવાણ કરી હશે તેનો પત્ર રાવલ ગોવિંદરામ ભેગો લખવો. એટલે હરિભક્ત સર્વેને દર્શન જેટલો આનંદ ઊપજે. સાધુ તથા બ્રહ્મચારી તથા પાલા તથા હરિભક્ત સર્વેને અમારા જય સ્વામિનારાયણ કે જો. સં. ૧૯૧૯ ના જ્યેષ્ઠ વદી-૧૧ ને શુક્રવારે રાત્રે ઘટીકા ૮ ગયે લખ્યો છે ઊતાવલમાં. લ. ચરણસેવક આચારજ મોરારજીના દંડવત્ સેવામાં અંગીકાર કરવા.

પૂજારાધે આચારજ શ્રી ૧૦૮ અયોધ્યાપ્રસાદજી મહારાજ હરિકૃષ્ણ મહારાજ.

### પત્ર નં. ૧૩

સંપ્રદાયના ધર્મવંશી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પરત્વેની આત્મબુદ્ધિ, તેઓશ્રીના પદ પરત્વેનો ભગવદ્‌ભાવ કેટલા ઊંચા પ્રકારનો હતો તે આ પત્ર ઊપરથી સ્વયં સ્પષ્ટ થાય છે. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી સં. ૧૯૨૪ ફાગણ સુદ-૭ ના દિને ધામમાં ગયા તે પહેલાં આશરે પાંચેક વર્ષ પહેલાંનો આ પત્ર છે. સંતો હરિભક્તોને આચાર્યશ્રીનું તેઓના પદનું કેટલું બધું મહાત્મ્ય હતું તે આ પત્રમાં લખ્યા પ્રમાણેનાં વિશેષણો જ પ્રતિતી કરાવે છે. સર્વે સંતો હરિભક્તો ધર્મવંશી આચાર્યને પ્રગટ પુરુષોત્તમ સ્વરૂપ મન-કર્મ-વચને કરીને સમજતા હતા ! અને તે પ્રમાણે વર્તતા હતા ! આ આચાર્યશ્રીના પત્રના દર્શન-હસ્તાક્ષરના દર્શન પણ હરિભક્તો-સંતોને, તેમના સાક્ષાત્ દર્શનની અનુભૂતિ કરાવતા હતા.

આ ઊત્કૃષ્ટ પ્રકારના આત્મીય ભાવને-સમજણને પ્રગટ કરતો માધવચરણદાસ સ્વામીશ્રીનો આ અસલ પત્ર શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં હોલ નં. ૧૧ માં હરિભક્તોના દર્શનાર્થે રાખવામાં આવેલ છે. તેનાં સૌ હરિભક્તો દર્શન કરજ્યો અને શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના કરજ્યો કે આપણ સૌને, ધર્મવંશી આચાર્યશ્રીઓ પ્રત્યે આવો પ્રેમ-મહિમા પૂજ્યભાવ રહે અને વૃધ્ધિ પામે.

- હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ



## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો બીજો સ્થાપના દિન

ફાગણ સુદ ત્રીજ તા. ૧૪-૩-૨૦૧૩ ને ગુરુવારના રોજ શ્રીનરનારાયણદેવનો વાર્ષિક પાટોત્સવ તેમજ શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમના સ્થાપના દિન નિમિત્તે પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી મ્યુઝિયમ દ્વિતીય વાર્ષિક ઉત્સવ નિમિત્તે બપોરે પછી સુંદર મહાપૂજા મહાભિષેક મુખ્ય હોલમાં રાખવામાં આવેલ છે. જેના સહ યજમાનના રૂા. ૧૧૦૦૦/- તથા રૂા. ૫૦૦૦/- નક્કી કરેલ છે. જેમને મહાપૂજામાં બેસવાની ઈચ્છા હોય તેમણે વહેલા તે પહેલાને ધોરણે નામ લખાવવા ખાસ અનુરોધ છે ને મુખ્ય યજમાન તથા સહ યજમાન માટે રૂબરૂ ઓફિસમાં સંપર્ક કરવો.

મો. : ૯૯૨૫૦૪૨૬૮૬ (દાસભાઈ) ફોન નં. : ૦૭૯-૨૭૪૮૯૫૯૭

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - ડિસેમ્બર-૨૦૧૨

| | | | |
|---|---|---|---|
| રૂા. ૪૦૦૦૦૦/- | ધર્મકુળ આશ્રિત ધર્મપ્રેમી એક હરિભક્ત બહેન તરફથી, અમદાવાદ. | રૂા. ૭૧૦૦/- | રેખાબેન એમ.મિસ્ત્રી (અમદાવાદ) |
| રૂા. ૧૦૦૦૦૦/- | ચિ. મેહુલભાઈના લગ્ન પ્રસંગે ડાહ્યાભાઈ નારણદાસ પરિવાર માણસાવાળા હ.નાના પી.પી.સ્વામી | રૂા. ૬૦૦૦/- | અ.નિ. કાન્તાબેન નાનજી કેરાઈ (માંડવી-કચ્છ) |
| રૂા. ૨૫૦૦૦/- | પટેલ વિઠ્ઠલભાઈ રવજીભાઈ (બાપુનગર-અમ.) હ.ડો. પરેશભાઈ વિઠ્ઠલભાઈ | રૂા. ૫૧૫૧/- | વિનોદ પટેલ (મિત્તલ પંપ સ્પેર્સ) સિકંદરાબાદ |
| રૂા. ૨૫૦૦૦/- | વિરજીભાઈ જેરામભાઈ રૂપાણી પરિવાર (બ્રાઈટન યુ.કે. પ્રેસિડેન્ટ) | રૂા. ૫૦૦૧/- | ભદ્રાબેન પ્રવિણભાઈ સાપરીયા (મુલુંડ-મુંબઈ) |
| રૂા. ૨૫૦૦૦/- | જગદીશભાઈ ગઢીયા (અમદાવાદ) | રૂા. ૫૦૦૦/- | શ્રીજી પ્રસન્નાર્થે (ચાંદીસણા) |
| રૂા. ૧૧૧૧૧/- | અનંતભાઈ એચ.પટેલ (ઈસનપુર-અમ.) | રૂા. ૫૦૦૦/- | હર્ષિત પ્રવિણકુમાર ભાવસાર (બોપલ) વિઝા તથા લગ્ન તેમજ બાની પુણ્યતિથિ નિમિત્તે |
| રૂા. ૧૧૦૦૦/- | પટેલ ધીરજભાઈ કરશનભાઈ (અમદાવાદ) ચિ.અંકુરની સુપુત્રી ચિ.જીયાના જન્મનિમિત્તે | રૂા. ૫૦૦૦/- | પ.ભ. પ્રકાશભાઈ પ્રહલાદભાઈ પટેલ, જમીયતપુરાવાળા |
| રૂા. ૧૧૧૧૧/- | રસિકભાઈ શીવાભાઈ પટેલ (ખેરોલ-ટોરેન્ટો કેનેડા) | રૂા. ૫૦૦૦/- | અતુલભાઈ પોથીવાલા (અમદાવાદ) |
| રૂા. ૨૦૦૦૦/- | પટેલ પુનમભાઈ મગનભાઈ (અમદાવાદ) | રૂા. ૫૦૦૦/- | જતીનભાઈ અમૃતભાઈ પટેલ (મણીનગર) |
| | | રૂા. ૫૦૦૦/- | પટેલ રમણભાઈ માધાભાઈ (અમદાવાદ) હ.કેતનભાઈ |
| | | રૂા. ૫૦૦૦/- | ધર્મેન્દ્રભાઈ રામભાઈ પટેલ (અમદાવાદ) |
| | | રૂા. ૫૦૦૦/- | મહેશભાઈ એસ.પટેલ (લાલોડાવાળા) હાલ વાપી |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - ડિસેમ્બર-૨૦૧૨

| | | | |
|---|---|---|---|
| તા.૦૨. | મહેન્દ્રભાઈ અમીન (ઓસ્ટ્રેલિયા) હ.નાના પી.પી.સ્વામી | તા.૨૩. | દિપકભાઈ પોપટલાલ શેઠ (રાજકોટ) હ.અર્પિત તથા પ્રિયાંક |
| તા.૦૪. | સવારે વીર પ્રિતેશ હીરાણી, સાંજે લવ પ્રિતેશ હીરાણી, (કચ્છ હાલ પર્થ ઓસ્ટ્રેલીયા) | તા.૨૩. | અ.નિ.જટાશંકર પોપટલાલ શાહ (અમદાવાદ) હ.જગદીશભાઈ શાહ (સેમિટ્રોનિક્સ) |
| તા.૦૭. | મનજીભાઈ કાનજીભાઈ રાબડીયા (મોરેશ્યસ) | તા.૨૬. | અશ્વિનભાઈ (બાયરન) હ. મોટા પી.પી. સ્વામી |
| તા.૧૧. | પરેશભાઈ જુઠાણી (ઓસ્ટ્રેલિયા) હ.નાના પી.પી.સ્વામી | તા.૨૭. | મનજીભાઈ રવજીભાઈ વેકરીયા (બળદિયા) હાલ લંડન |
| તા.૧૪. | પ.પૂ. અ.સૌ.મોટા ગાદીવાળાશ્રીની પ્રેરણાથી સાં.યો. નાનબાઈ ગુરૂ રતનબાઈ (કેરા-કચ્છ) | તા.૩૦. | પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીની પ્રેરણાથી વર્ષાબેન નવિનચંદ્ર પાઠક પૌત્ર યોગ ભાવિન પાઠકના જન્મ નિમિત્તે |
| તા.૧૮. | પ.પૂ.અ.સૌ.મોટા ગાદીવાળાશ્રીની પ્રેરણાથી શ્રીધર કીર્તિભાઈ રાવલ (અમદાવાદ) હ.નેહાબેન | | |

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા/મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલ:- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

www.swaminarayanmuseum.org/com ● email:swaminarayanmuseum@gmail.com



# આનંદની હેલી

## મલ્લકુસ્તી ?

- શાસ્ત્રી હરિજીવન સ્વામી (હિંમતનગર મહંતશ્રી)

સુંદર મનોહર મૂર્તિ ઘનશ્યામે એકવાર મલ્લનો વેષ ધારણ કર્યો હતો. બાલ ઘનશ્યામે નાજુક સુંદર ધોતી પહેરી હતી. મસ્તક ઉપર ટોપી ધારણ કરેલી તથા લલાટમાં તિલક કરેલું. આવા વેષમાં પ્રભુ અયોધ્યાની બજારમાં આવી પહોંચ્યા. ત્યાં ઉભેલા દેવીસીંગ અને ભવાનસીંગ બન્ને પ્રભુના મિત્ર હતા.

છતાં પ્રભુનો સુંદર મલ્લનો ગણવેશ જોઈ બંનેને ઈર્ષા આવી. દેવીસીંગ કહે ઘનશ્યામ ! તમે મલ્લનો વેશ લીધો છે તો વેશ લેનારે અમારી સાથે મલ્લયુધ્ધ કરવું પડે. ઘનશ્યામ કહે, અમારામાં સામર્થી છે, બળ છે એટલે જ મલ્લનો વેશ લીધો છે.

ત્યારે મલ્લો કહે, બહુ સારું જો તમે અમારી સાથે મલ્લકુસ્તી કરો તો તમે ખરા અને તમારો વેશ ખરો, મલ્લોએ પ્રભુને પડકાર કર્યો. પ્રભુ કહે કાંઈ વાંધો નહિ. મલ્લકુસ્તી માટે અમે તૈયાર છીએ. પછી સાથે મળીને ઠરાવ કર્યો કે કુસ્તીમાં જે હારે તેણે બે રૂપિયાના ચણા મમરા ને પેંડા લઈને બધા બાળકોને વહેંચવા. જો કોઈ હારેલો ન વહેંચે તો દેવસીંગ જાણે.

આ મલ્લોમાં એક મલ્લ બહુ કદાવર, બળવાન અને યુવાન હતો. તેના મનમાં અભિમાન હતું કે જાણે હું જ બળવાન છું. તેનામાં દશ મલ્લનું બળ હતું. મહા પ્રભુ સાથે કુસ્તી કરવા તે ખભા ઠોકતો ઠોકતો આગળ આવ્યો. ઘનશ્યામની હજુ કુમાર અવસ્થા. તે પણ કમર કસીને તૈયાર થયા. અને બોલ્યા જુઓ મલ્લકુસ્તીમાં કોઈએ હથિયાર લેવું નહિ.

મલ્લકુસ્તીની વાત બધે ફેલાઈ ગઈ. અયોધ્યાવાસીઓ તમાશો જોવા ટોળે વળ્યાં. ઘનશ્યામ અને પેલો બળિયો મલ્લ માંડ્યા કુસ્તી કરવા. પ્રભુની નાની ઉંમર જોઈને પ્રજાજનોના મનમાં દુઃખ થયું કે ક્યાં આ નાજુક બાળક ઘનશ્યામ અને ક્યાં પેલો કદાવર મલ્લ ! આ તો ભારે અન્યાય કહેવાય. યુધ્ધ તો બરોબરીયામાં થાય. આ કંઈ રીત છે !

મલ્લકુસ્તીમાં બંને જણ બથોબથ આવે. એક બીજાને પાછા પાડે. ક્યારેક ઘનશ્યામ મલ્લને જમીન ઉપર પછાડે ત્યારે તેમના સખાઓ આનંદની કીકીયારીઓ કરે ! જયજયકાર થાય. પ્રભુએ તો બળ, કળ અને છળ બધુંય કર્યું. ઘણીવાર સુધી મલ્લને રમાડ્યો. લોકોને મઝા પડવા માંડી. આખરે પ્રભુએ મલ્લનો હાથ પકડીને માથા ઉપર ગોળ ગોળ ફેરવ્યો. બિચારાને ચકર આવી ગયા હશે. આ રીતે ફેરવીને મલ્લને આકાશમાં દડાની જેમ ઊંચો ઉછાળ્યો. પછી ધબ દઈને જમીન ઉપર પછાડ્યો. હાથ-પગ અને માથું ભાંગી ગયું. શક્તિ બધીય હણાઈ ગઈ. બીજા મલ્લોના મોંઢા ઢીલા થઈ ગયા. બાલમિત્રો તથા ગામવાસીઓ હસવા લાગ્યા. જોયું ! આવડો મોટો પહાડ જેવડો હતો પણ નાના બાળક આગળ હારી ગયો ! ઘનશ્યામની વાહ વાહ થઈ. પેલા હાડકાં ભાંગેલાને ઝોળીમાં ઘાલીને હાડવૈદ્ય પાસે લઈ ગયા. અભિમાની મલ્લના ભાગે પાટાપીંડી આવી અને ઘનશ્યામના ભાગે ઈનામ.

### આપણા આગામી ઉત્સવ

**પોષ સુદ-૧૫** તા. ૨૭-૧-૧૩ રવિવાર **જમીયતપુરા શ્રી પ્રભા હનુમાનજી** મહારાજનો પાટોત્સવ.

**મહા સુદ-૫** તા. ૧૫-૨-૧૩ શુક્રવાર વસંત પંચમી, શ્રી શિક્ષાપત્રી જયંતી, **મૂળી શ્રી સ્વામિનારાયણ મંદિર** પાટોત્સવ-સમૈયો., **નાથદ્વારા** મંદિર પાટોત્સવ, **અમદાવાદ હવેલી**માં શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ.

**મહા સુદ-૮** તા. ૧૮-૨-૧૩ સોમવાર **ટોરડા** શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ

**મહા સુદ-૧૦** તા. ૨૦-૨-૧૩ બુધવાર **નારણપુરા** શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ



# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી
(ગાંધીનગર)

### શ્રીહરિનાં દિવ્ય ચરિત્રો કલ્યાણકારી છે

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

''સંત જમે તે ભેળો હું જમું રે,
સંત ભમે તે કેડ્યે હું ભમું રે''

સંતનો મહિમા કહેતાં સ્વામિનારાયણ ભગવાન સભામાં કહેવા લાગ્યા કે હે સંતો ! તમે તો આખા જગતને પૂજ્ય છો. તમારી સેવા કરે તેણે ભગવાનની સેવા કરી છે.

પ્રભુનાં આ વચનો સુણીને સભામાં બેઠેલા વડતાલના ગોસાંઈ નારણગીરીએ કહ્યું કે મહારાજ ! આવતી કાલે આ બધા સંતોને મારા તરફથી શીરો જમાડો. પ્રભુએ ગોસાંઈજીની વિનંતી સ્વીકારી.

બીજા દિવસે સરસ મજાનો મગમગતો શીરો તૈયાર થયો. સ્વામિનારાયણ ભગવાન થાળ જમ્યા અને પછી સંતોને જમવા બેસાર્યા. ''પોતે પ્રભુ પીરસનાર'' ભગવાન સ્વયં સ્વહસ્તે પીરસતા હોય અને પ્રભુના હાથનો પ્રસાદ એ જ જેમનું જીવન હોય એવા સંતોને શ્રીહરિએ ખૂબજ પ્રેમથી શીરો જમાડ્યો. ગોસાંઈજી પણ સાથે જમવા બેઠેલા.

એ સમયે આજના યજમાન એ ગોસાંઈજી જમતાં જમતાં મહારાજને કહેવા લાગ્યા કે પ્રભુ ! સંતોને બરાબર શીરો જમાડજો, બરાબર પીરસજો. સંતો બધા જમી રહ્યા હતા. એટલે મહારાજ શીરાનું પાત્ર લઈને ગોસાંઈજી પાસે આવ્યા. એક માણસ ધરાઈને જમે એટલો શીરો હતો. જેવાં મહારાજ બાજુમાં આવ્યા એટલે ગોસાંઈજી જમતાં જમતાં જમવાનું પાત્ર લઈને ઉભા થઈ ગયા અને દોડવા લાગ્યા. એમની પાછળ પાછળ મહારાજ પણ દોડવા લાગ્યા. આગળ ગોસાંઈજી અને પાછળ મહારાજ. પ્રભુના હાથમાં શીરાનું પાત્ર છે. એમાંથી શીરો લઈને પ્રભુ ગોસાંઈજીની પાછળ ઉડાડવા લાગ્યા. જ્યાં સુધી પાત્રમાં શીરો હતો ત્યાં સુધી પ્રભુ ગોસાંઈજીની પાછળ શીરો ઉડાડતા ઉડાડતા દોડ્યા. અને પછી પાછા વળ્યા ત્યારે ગોસાંઈજી ને હાશ થઈ ને પાછા આવીને સૌની સાથે સભામાં બેઠા.

એ સમયે ત્યાં ઉભેલા સંતો અને ભક્તો પરમાત્માનું આ ચરિત્ર જોઈને ખૂબ હસવા લાગ્યા. બધાને આનંદ આનંદ થઈ ગયો.

વ્હાલા ભક્તો ! આધારનંદ સ્વામી ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનનું આ દિવ્ય લીલાચરિત્રને આલેખીને એમ કહે છે કે પોતાના ભક્તોને આનંદ આપવા માટે આવાં રમૂજી ચરિત્રો ભગવાન કરે છે. રમૂજ સાથેના આવા ચરિત્રોના દર્શન કે સંકીર્તનથી ભગવાનના ભક્તોને ખૂબ જ આનંદ આવે છે. અને આવા ચરિત્રો સહેજે સહેજે યાદ રહી જાય છે. અને ગીતાજીમાં ભગવાને કહ્યું છે કે -

''જન્મ કર્મ ચમે દિવ્યં એ વયો વેત્તિ તત્વતઃ''

ભગવાનનાં તમામ લીલાચરિત્રો દિવ્ય છે. કલ્યાણકારી છે, સુખકારી છે એવું જે સમજે છે તે દેહનો ત્યાગ કરી સહજતાથી ભગવાનને પામે છે.

●

### સરપંચનું કામ થઈ ગયું

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

થોડાક વર્ષો પહેલાની વાત છે. આપણા સંપ્રદાયમાં એક મહામહોત્સવ ઉજવાયેલો. તેમાં એક ગામના સત્સંગીઓ આગ્રહ પૂર્વક સ્થાનિક સરપંચશ્રીને લઈ આવેલા કથા-વાર્તા, પ્રવચનો, દર્શન વગેરે સરપંચના

હૈયામાં ન ઉતર્યું. એ હૈયામાં એવી પાત્રતા ન હતી.

ગામડામાં રહેતા ખેડૂતના ઘરમાં એક ટોપલો એવો હોય છે. જેમાં દરરોજ સવારે ભેંસનું છાણ ઉપાડાય. એ ટોપલામાં ગુલાબના ફુલ ભરવાથી સુગંધિત થતો નથી. કારણ કે દરરોજ એમાં છાણ ભરાતું હોય છે. વ્યવહારને સંસાર અખંડ જેના મગજમાં ભરાયા કરતા હોય એના હૃદયમાં કથાવાર્તાના શબ્દો ન ઉતરે. પણ આ સરપંચના મનમાં એક નોંધ લેવાઈ ગઈ. ઓ હોહો. લાખો માણસો આયા છે ! કેવું સરસ જમાડે છે ! શું ફટાફટ પીરસાય છે ! ધક્કા મુક્કી નહીં. ઘોંઘાટ નહીં ! હાકોટા નહી ! પડકારા નહી ! લાખો માણસો ખાતા જાય છે. કશી ખબરેય પડતી નથી કેવી રીતે આ પીરસે છે. શું જુવાનિયા મંડ્યા છે ! ઉત્સવની વ્યવસ્થા એવી યાદ મગજમાં રહી ગઈ. પાછા વળતાં ગામના ભક્તોને કહે, આપણે ત્યાં ફલાણાને ત્યાં લગ્ન હતા, પાંચસો માણસો જમવાના હતા. તોય ધક્કા મુક્કી થઈ પડી. મારા મારી થઈ પડી. અને અહીં જુઓ, તમારા સ્વામિનારાયણ વાળાને ત્યાં મોટો ચમત્કાર છે હો! લાખો માણસો જમી ગયા. પાંચ કલાકમાં, ખબર ન પડી ! કોઈ ઘોંઘાટ નહીં ! અવાજ નહીં ! પછી તો જ્યાં જાય ત્યાં એ જ વાત કરે. આ સ્વામિનારાયણ વાળાનું કહેવું પડે હો. ચૂપચાપ જમીને ચાલતા થાય. કોઈ અવાજ સરખો ન કરે. ઘોંઘાટ નહીં ! ગોકીરો નહીં ! કોઈ સત્સંગી ક્યાંય મળી જાય. બહારગામ ગયા હોય ત્યારે બોલવા જ માંડે. તમારા સ્વામિનારાયણ વાળાનું કહેવું પડે હો. ખાવા પીવાની વ્યવસ્થા તો તમારી જ ! કોઈ ધક્કા મુક્કી નહીં. ઉત્સવની એ વાત હૈયામાં ઉતરી ગયેલી. પાંચ-સાત વરસ પછી જીવાદોરીનો છેડો આવ્યો. ગરગડી ફરતી અટકવા માંડી એટલે કે બિમાર પડ્યા. ત્યાં બધા ખબર કાઢવા આવે. કેમ છો ? સારું છે ? બાજુમાં ઉભેલા બૂમો પાડે. જુઓ આ દીકરીનો દીકરો આવ્યો ને આ ભત્રીજો આવ્યો. ગામના આગેવાન હતા. એટલે બધા હરિભક્તો પણ આવે. જુઓ આ ભગત આવ્યા. સરપંચ માંડ માંડ આંખો ઉચી કરે. અને એ વખતે પાછા બોલવા માંડે તમારા સ્વામિનારાયણવાળાનું કહેવું પડે હો ખાવા-પીવાની વ્યવસ્થામાં બહુ જબરા. એ રીતે સ્વામિનારાયણ શબ્દ મુખમાં બોલાયા કરે. એમ બોલતા બોલતા દેહ છોડી દીધો. એના જીવની સદ્‌ગતિ થઈ ! આ ઉત્સવ સમૈયાનું રહસ્ય છે. કોઈ એવો જીવ આવ્યો હોય. જેણે જિંદગીમાં ભગવાનનું ભજન સ્મરણ કંઈ ન કર્યું હોય પણ એકાદ પ્રસંગ અહોભાવથી યાદ રહી જાય તો એનો બેડો પાર થઈ જાય છે.

માટે જ શ્રીજી મહારાજે પ્રથમના ત્રીજા વચનામૃતમાં કહ્યું છે કે ''ભગવાને જે જે સ્થાનકને વિષે જે જે લીલા કરી હોય તે જો સાંભરી આવે અથવા સત્સંગી સાંભરી આવે અથવા બ્રહ્મચારીને સાધુ સાંભરી આવે તો તેને યોગે કરીને ભગવાનની મૂર્તિ પણ સાંભરી આવે. અને તે જીવ મોટી પદવીને પામે અને તેનું ઘણું રૂડું થાય. તે માટે અમે મોટા મોટા વિષ્ણુયાગ કરીએ છીએ. તથા જન્માષ્ટમી અને એકાદશી આદિક વ્રતના વર્ષોવર્ષ ઉત્સવ કરીએ છીએ ને તેમાં બ્રહ્મચારી, સાધુ, સત્સંગીને ભેળા કરીએ છીએ અને જો કોઈક પાપી જીવ હોય ને તેને પણ જો એમના અંતકાળે સ્મૃતિ થઈ આવે તો તેને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય.''

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

**www.swaminarayan.info**

**www.swaminarayan.in**

**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૮-૩૦ ● શયન આરતી ૨૦-૩૦

# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી**
**"પરમાત્માના ન્યાય પર ક્યારેય શંકા કરવી નહિ"**
(સંકલન : કોટક વર્ષાબેન નટવરલાલ - ઘોડાસર)

એક વખત એક માણસ વાળંદ પાસે વાળ કપાવવા માટે ગયો. વાળ કપાવતા કપાવતા વાતો કરતા હતા. તો વાતો કરતા કરતા ભગવાનની વાત નીકળી. તો વાળંદે કીધું કે આ દુનિયામાં ભગવાન જેવું કાંઈ છે જ નહિ. જો ભગવાનનું અસ્તિત્વ હોય તો કોઈ રોગી ન હોય, કોઈ દુઃખી ન હોય, કોઈ ગરીબ ન હોય, કોઈને કાંઈ તકલીફ જ ન હોય. તે માણસ વાળ કપાવીને બહાર નીકળ્યો તો તેને રસ્તામાં એક ખૂબ લાંબા વાળવાળો અને લાંબી દાઢીવાળો માણસ મળ્યો. તો તે માણસ લાંબી દાઢીવાળા માણસને લઈને વાળંદ પાસે ગયો અને વાળંદને કીધું કે આ દુનિયામાં તો વાળંદ જેવી કોઈ વ્યક્તિ જ નથી. વાળંદનું અસ્તિત્વ જ નથી. જો વાળંદ હોય તો આવી લાંબી દાઢીવાળા અને લાંબા વાળવાળા માણસો ફરતા હોય ! તો વાળંદે કીધું કે આમાં મારો શું વાંક છે ? તે મારી પાસે વાળ કપાવવા માટે આવે તો હું કાપી આપું ને ! તો પેલા માણસે કીધું કે આ દુનિયામાં કોઈ દુઃખી હોય, દરિદ્રી હોય તો તેમાં ભગવાનનો શું વાંક ? સામાન્ય વાળ કપાવવાના હોય તો પણ વાળંદની દુકાન સુધી જવું પડે, લાઈનમાં બેસવું પડે, વાળંદની દુકાનના નિયમોનું પાલન કરવું પડે, તો આ તો પરમાત્મા છે. પરમાત્માની શરણાગતિ સ્વીકારવી પડે. પરમાત્માના બનાવેલા નિયમોનું પાલન કરવું પડે. પ્રયત્ન તો કરવો જ પડે છે. સામાન્ય પૈસા કમાવવા માટે પણ આઠ થી દસ કલાક દરરોજ મહેનત કરવી પડે છે. તમે જે પણ કામ કરતા હો તેના નિતી નિયમોનું પાલન કરવું પડે છે. અર્થાત્ કોઈ પણ ક્ષેત્રમાં આગળ વધવું હોય તેના માટે પ્રયત્ન તો કરવો જ પડે છે. માટે પરમાત્માના ન્યાય પર કદી પણ શંકા નહિ કરવાની. ઈશ્વર પરની શ્રધ્ધાને ડગાવવાની નહિ અને આપણા જીવનમાં જે કાંઈ સુખ દુઃખ આવે છે તે આપણા પ્રારબ્ધ પ્રમાણે ભોગવીએ છીએ. આપણે જે કાંઈ કર્મ કરીએ છીએ તેના પરિણામ સ્વરૂપ સુખ-દુઃખ આવે છે. આપણે જોઈએ છીએ કે એક જ માતાના કૂખમાંથી જન્મેલા સગા ભાઈ બહેન હોય તો પણ એક કરોડપતિ હોય છે અને બીજાને બે ટાઈમ જમવાનું પણ નથી મળતું હોતું. તો માતા-પિતા તો ક્યારેય સંતાનનું ખરાબ નથી ઈચ્છતા. દરેક સંતાન તેના પ્રારબ્ધ પ્રમાણે સુખ-દુઃખ ભોગવે છે. તેમ પરમાત્મા પણ આપણા માતા-પિતા છે. તેઓ પણ કોઈ પણ જીવનું ક્યારેય અહિત નથી ઈચ્છતા. આ જગતમાં જે કાંઈ થઈ રહ્યું છે તે વિધિને અનુરૂપ થઈ રહ્યું છે. સમયની રાહ જોવાની. સમય બહુ બળવાન હોય છે. આપણે ગમે તેટલા સક્ષમ હોયએ તો પણ બીજાને આપણા કરતા નાના નહિ સમજવાના. જરા પણ અહંકાર રાખ્યા વગર ભક્તિ કરવાની. કેમકે ? ચકલી હોય છે તે કીડીને ખાઈ જાય છે. પરંતુ જ્યારે ચકલી મરણ પામે છે. અથવા તો ઉડવા માટે અસમર્થ થઈ જાય છે ત્યારે ઘણી બધી કીડીઓ ભેગી થઈને ચકલીને ખાઈ જાય છે. એક વૃક્ષ હોય તેમાથી આપણે બાકસ બનાવવી હોય તો કેટલી બધી બને છે. સો કરતા પણ વધું બાકસ બને. પરંતુ જો આખું જંગલ સળગાવવું હોય તો એક જ બાકસની જરૂર પડે છે. માટે જે કાંઈ સત્કર્મ કરીએ તે અહંકાર વગર કરવાનું. એક શેઠ જ્યારે પણ દાન આપે ત્યારે નીચી નજરે દાન કરે. કોઈના સામું જોતા નથી. તો કોઈકે તેમને પૂછ્યું આપ દાન આપતી વખતે કોઈના સામું જોતા નથી તેનું કારણ શું ? તો શેઠે કીધું કે હું જે કાંઈ આપુ છું તેમાં મારૂ કાંઈ નથી. હું તો નિમિત્ત માત્ર છું. પરમાત્માએ મને નિમિત્ત બનાવ્યો છે. પરંતુ લોકો મને દાનવીર તરીકે જુએ તેથી મને શરમ આવે છે. માટે આપણે પણ આ જગતમા નિમિત્ત માત્ર છીએ તેવું માની વિનમ્રતાથી ભક્તિ કરવાની. જેમ સૂર્યપ્રકાશ દરેકને સમાન મળે છે. ગરીબને ઓછો પ્રકાશ મળે અને શ્રીમંતને વધારે મળે તેવું નથી હોતું. તેમ પરમાત્માની કૃપા દરેક જીવ માત્ર પર સરખી જ હોય છે. આપણા જીવનમાં જે કાંઈ દુઃખ આવે છે તે માત્ર આપણામાં રહેલા દોષોને પરિણામે આવે છે. આપણે આપણામાં રહેલા દોષોને ટાળીને પરમાત્મા તરફ આગળ વધવાનો પર્યત્ન કરવાનો છે.

●

**પ્રાર્થનાથી પ્રાપ્તિ**
- સાં.યો. કુંદનબા ગુરુ સાં.યો. કંચનબા (મેડા)

હે વ્હાલા ભક્તો ! આપણે દરરોજ ભગવાનની સામે દશ મિનિટ ઉભા રહીને આર્તનાદથી પ્રભુને પ્રાર્થના

કરવી જોઈએ. કારણ કે પ્રાર્થના એ સુખની ચાવી છે. પ્રાર્થના એ જીવનનું બળ છે. પ્રાર્થના એ હૃદયનું સ્થાન છે. પ્રાર્થના એ અશ્રુની ધારા છે. પ્રાર્થના એ સર્વોપરી ક્રિયા છે. પ્રાર્થના એ અંતરની અરજી છે. પ્રાર્થના એ પરમાત્માનું ચિંતન છે. પ્રાર્થના એ આત્માનો વિશ્રામ છે. પ્રાર્થના એ બુઝાતા દીપકનું ઘૃત છે. પ્રાર્થના એ જીવનનું પવિત્રીકરણ છે. પ્રાર્થના એ પરમાત્મા સાથે ગોઠડી છે. પ્રાર્થના એ પરમતત્વને પરવશ કરે છે. પ્રાર્થના એ જીવનનું આવશ્યક તત્વ છે. પ્રાર્થના એ પ્રભુના દરવાજાની ચાવી છે. પ્રાર્થના એ અહંને ઓગાળતો પ્રવાહ છે. પ્રાર્થના એ ભગવાન સાથેની મુલાકાત છે. પ્રાર્થના એ પ્રભુ સાથે અંતરનું જોડાણ છે. પ્રાર્થના એ દરેક વ્યક્તિની અંગત મૂડી છે. પ્રાર્થનાથી કુત્સિત વાસનાઓ દૂર થાય છે. પ્રાર્થના એ સંકટ નિવારીને સહાયતા કરે છે. પ્રાર્થના એ પરમાત્મા સાથે જોડનારી કડી છે. પ્રાર્થના એ ભગવાન સમીપે જવાનું માધ્યમ છે. પ્રાર્થના એ માગ નથી. પરમાત્માની ઝંખના છે. પ્રાર્થના એ મનના મેલ ધોવાનું પવિત્ર ઝરણું છે. પ્રાર્થના એટલે પરમાત્મા સાથેનો હસ્તમેળાપ છે. પ્રાર્થના એ સર્વેશ્વરની અંતઃકરણપૂર્વકની આરાધના છે. પ્રાર્થના એટલે ભગવાન પર સંપૂર્ણ વિશ્વાસ રાખી પોતાની પકડ છોડી દેવાની બધું જતું કરવાની અને પરમાત્મા જે કરે તે કરવા દેવાની તૈયારી છે.

એક વખત શ્રીજી મહારાજે સારંગપુરમાં હોળીનો મોટો ઉત્સવ કર્યો. તેમાં દેશોદેશથી હરિભક્તો પધારેલા. તે વખતે મહારાજે રાજી થઈને કાઠિયાવાડના સ્ત્રી ભક્તોને માગવાનું કહ્યું. ત્યારે તેમણે મહારાજ પાસે ખજૂર, પતાસા, નાળીયેર, વગેરે અનેક પ્રસાદીની વસ્તુ માગી. પણ ગુજરાતના સ્ત્રી ભક્તોએ મહારાજ પાસે અદ્‌ભુત માગ્યું હતું. જેની વાત નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણીના ૬૪ માં પ્રકરણમાં કરી છે. તેમણે મહારાજ પાસે માગ્યું કે હે પ્રભુ !

મહાબળવંત માયા તમારી, જેણે આવરિયાં નરનારી.
એવું વરદાન દીજીયે આપે, એહ માયા અમને ન વ્યાપે.
વળી તમારે વિષે જીવન, નાવે મનુષ્ય બુદ્ધિ કોઈ દન,
જે જે લીલા કરો તમે લાલ, તેને સમઝું અલૌકિક ખ્યાલ.
સતસંગી જે તમારા કહાવે, તેનો કેદી અભાવ ન આવે,
દેશ કાળ ને ક્રિયાએ કરી, કેદી તમને ન ભૂલિયે હરિ,
કામ ક્રોધ ને લોભ કુમતિ, મોહુ વ્યાપિને ન ફરે મતિ,
તમને ભજતાં આડું જે પડે, માગિયે એ અમને ન નડે,
એટલું માગિયે છૈયે એમ, દેજ્યો દયા કરી હરિ તમે,
વળી ન માગિએ અમે જેહ, તમે સૂણી લેજ્યો હરિ તેહ,
કેદી દેશોમાં દેહાભિમાન, જેણે કરી વિસરો ભગવાન,
કેદી કુસંગનો સંગ મ દેજ્યો, અધર્મ થકી ઉગારી લેજ્યો.
કેદી દેસોમાં સસારિ સુખ, દેશોમાં પ્રભુ વાસ વિમુખ,
દેશોમાં પ્રભુ જક્ત મોટાઈ, મદ મત્સર ઈર્ષા કાંઈ,
દેશોમાં દેહસુખ સંયોગ, દેશોમાં હરિજનનો વિયોગ,
દેશોમાં હરિજનનો અભાવ, દેશોમાં અહંકારી સ્વભાવ,
દેશોમાં સંગ નાસ્તિકનો રાય, મેલી તમને જે કર્મને ગાય.
એ આદિ નથી માગતા અમે, દેશોમાં દયા કરીને તમે,
પછી બોલિયા શ્યામસુંદર, જાઓ આપ્યો તમને એ વર
મારી માયામાં નહિ મુંઝાઓ, દેહાદિકમાં નહિ બંધાઓ
મારી ક્રિયામાં નહિ આવે દોષ, મને સમજશો સદા અદોષ
એમ કહ્યું થઈ રળિયાત, સહુએ સત્ય કરો માની વાત,
દીધા દાસને ફગવા એવા, બીજું કોઈ સમર્થ એવું દેવા,
એમ રમ્યા રંગભર હોળી, હરિસાથે હરિજન ટોળી.

હે વહાલા ભક્તો ! આપણે પણ દરરોજ ભગવાન પાસે પ્રાર્થના કરીને આવું જ માગવું જોઈએ. જગતના નાશવંત પદાર્થ માગવા ન જોઈએ.

શ્રી સ્વામિનારાયણ ભગવાન આપણા સૌને ગુજરાતના સ્ત્રી ભક્તો જેવી અલૌકિક સમજણ આપે, એવી આપણા સૌના લાડીલા ગુરુજી પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના ચરણોમાં પ્રાર્થના કરીએ.

●

### સિધ્ધપુરના હરિકૃષ્ણ મહારાજ ચમત્કારી દેવ છે

- પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા)

ઉંઝાથી હાઈવે પર થઈને મક્તુપુર બામણવાડા અને સ્વામિનારાયણ ગુરુકુળની બાજુમાં આ મંદિર આવેલું છે. ઉંઝાથી ૧૩ કિલોમીટર દૂર છે. હિન્દુઓનું પ્રાચીન તીર્થ ગણાય છે. માતૃશ્રાધ્ધ અહીં કરવાનું ખૂબ મહિમા છે. પાટણના સિધ્ધરાજે વસાવેલું તેથી તેનું નામ સિધ્ધપુર છે. આપા પવિત્ર સ્થાનમાં પુણ્ય દાન કરવાથી આપણા સંકલ્પો પૂરા થાય છે.

સિધ્ધપુરમાં શ્રી નરનારાયણદેવ તાબાનું શિખરબંધ મંદિર છે. મધ્ય મંદિરમાં ધર્મ ભક્તિ હરિકૃષ્ણ મહારાજ અને બાજુમાં શ્રીરાધાકૃષ્ણદેવ અને સુખશૈયા છે. આ હરિકૃષ્ણ મહારાજ બહુ ચમત્કારી છે. ભાવિ ભક્તોના મનોરથો પૂરા કરે છે. ઘણા હરિભક્તો પગપાળા પૂનમ ભરવા જાય છે. હરિકૃષ્ણ મહારાજ આગળ આવી પોતાના સંકલ્પો રજુ કરી પ્રાર્થના કરે છે. આ ચમત્કારી દેવ પુત્રની ઈચ્છા વાળાને પુત્ર ધન, દોલત, બંગલા, ગાડી આદિ આ લોકના સંકલ્પ હરિકૃષ્ણ મહારાજ પુરા કરે છે. ગામમાં છે તે મંદિરની પ્રતિષ્ઠા પ.પૂ.ધ.ધુ. આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજે કરેલી છે. અહીંના મંદિરની પ્રતિષ્ઠા પ.પૂ.ધ.ધુ.

આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. સિધ્ધપુર ગામની ભૂમિને શ્રીહરિએ પાંચસો પરમહંસ તેમજ પાર્ષદો અને કાઠી અસ્વારો સહિત પધારી ખૂબ પાવન કરેલી છે.

આ પવિત્ર તીર્થસ્થાનમાં કર્દમ ઋષિ થકી દેવહુતિને વિષે કપિલ ભગવાન પ્રગટ થયેલા અને તે ભગવાને માતા દેવ વિહુતિને સાંખ્યનું જ્ઞાન આપ્યું અને સિધ્ધ દશાને પમાડ્યા. તેથી આ ક્ષેત્રને પવિત્ર ભૂમિ કહેવાય છે. પ્રેમથી ભગવાનના આંખમાંથી હર્ષના બિન્દુ પડ્યાં તેથી તેને બિન્દુ સરોવર કહેવાય છે. સંતો પાર્ષદો સાથે શ્રીહરિએ સ્નાન કરેલું છે. શ્રીહરિએ અનેક પ્રકારના દાન આપ્યા છે. ત્યાં વટેશ્વર મહાદેવ અને અને પાંડવોની ગુફાઓ છે. આ પવિત્ર તીર્થમાં દધિચિ ઋષિનો આશ્રમ છે. તેને દધિ સ્થળી તીર્થ કહેવાય છે. આજથી ઘણા વર્ષના અંતે આવનાર કળિયુગમાં સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ સ્વામિનારાયણ ભગવાનનો પ્રથમ મેળાપ થશે. અને તમારો સંકલ્પ સિધ્ધ થશે એવું કર્દમઋષિને વરદાન આપેલું હતું.

**રામપ્રતાપભાઈ નદીમાં સ્નાન કરવા પધાર્યા.**

એકવાર ધર્મભક્તિના પુત્ર રામપ્રતાપભાઈ નદીમાં સ્નાન કરવા પધાર્યા હતા. સરસ્વતી નદીમાં ત્યારે રામપ્રતાપભાઈ બોલ્યા કે, અરે બ્રહ્મા કી બેટી હમકો ક્યુ નહિ નવરાવે. અને એમ કહીને નદીમાં જઈને બેઠા અને અચાનક ઢીંચણ જેટલો પ્રાણીનો પ્રવાહ આવ્યો અને રામપ્રતાપભાઈ અને સર્વ હરિભક્તોએ સ્નાન કર્યું. આવો બિન્દુ સરોવરનો મહિમા છે.

શ્રી ઘનશ્યામ લીલામૃત સાગરના ૫૦ માં તરંગમાં આ પ્રમાણે વર્ણવેલ છે.

સાત દિન રહ્યાં ધારી ઉર, ત્યાંથી પધાર્યા શ્રીહરિ નામે ભગવાન છડીદાર તેને ઘેર ગયા નિરધાર, બીજે દિવસે દિન દયાળ જોવા સારૂ ગયા રૂદ્રમાળ, તેને દેખી મહારાજ આપણે અહિ કરવું છે કાજ, આ તીર્થ ભૂમિ છે સુંદર, અહીં કરાવવું છે કાજ, એમ ઉતારે આવ્યા શ્યામ, બેઉ દિન રહ્યાં સુખ ધામ.

●

### શ્રીહરિનો કલ્યાણનો માર્ગ

- લાભુબેન મનુભાઈ પટેલ (કુંડાળ)

શ્રીહરિએ કલ્યાણનો માર્ગ વિસ્તારવા માટે સદાવ્રતો બંધાવ્યા, યજ્ઞો કરાવ્યા, મોટા મંદિરો કરાવ્યા, મૂર્તિઓની સ્થાપના કરી, આચાર્યોની સ્થાપના કરી, શાસ્ત્રોની રચના કરાવી. સંતોને તૈયાર કર્યા અને પ્રસાદીની અનેક વસ્તુઓ હરિભક્તોને ભેટ આપી. આ બધા અંગો દ્વારા એમણે કલ્યાણનો દરવાજો ખૂલ્યો કર્યો.

શ્રીહરિએ સંકલ્પ કર્યો કે મારે અસંખ્ય જીવોનો ઉદ્ધાર થાય એમ કરવું છે. એટલા માટે સદાવ્રતોની રચના કરું કે જે મનુષ્ય મારું અન્ન જમે તે તરત જ પરમ ગતિ પામે. આવા કેટલાક અન્નક્ષેત્રો શ્રીહરિએ બંધાવ્યા, આવા પવિત્ર અન્નક્ષેત્રમાં લોકો જમતા અને શ્રીહરિ પણ બધું હેત કરીને એમને જમાડતા, અહીં સૌના વ્હાલા શ્રીહરિની વાતો સાંભળી સહુ ખુશ થતાં અને પછી સાચી સમજ પડવાથી તેઓનું મન સત્સંગમાં લાગી જતું અને પછી તેઓ કામય માટે સત્સંગી બની જતાં. આમ શ્રીહરિએ ''પામર પતિત ઉદ્ધાર્યા, અગણિત નરનારી.'' એ પોતાની આરતીનાં શબ્દો સાર્થક કરી બતાવ્યા.

આ ઉપરાતં શ્રીજી મહારાજે જીવોના કલ્યાણ માટે તીર્થધામોની રચના કરી, જેમ કે, છપૈયામાં નારાયણ સરોવર, અમદાવાદમાં કાંકરિયા, ગઢપુરમાં ઘેલા કાંઠો, વડતાલમાં ગોમતી, , આદિ જળાશયમાં શ્રીજી મહારાજે અનેકવાર સ્નાન કરીને જળક્રીડા કરી હતી. જેમાં અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિ સ્નાન કરે એનો મહિમા વર્ણવી શકાય તેમ નથી. આ જળાશયોમાં જે કોઈ વ્યક્તિ સ્નાન કરે તેનું પણ કલ્યાણ થાય છે. અને અંતકાળે જો એની સ્મૃતિ થઈ આવે તો તેથી ભગવાનનો સંબંધ થાય અને ભગવાન અંતે એ જીવને પોતાનાં ધામમાં લઈ જાય.

આવી રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણે 'ન ભૂતો ન ભવિષ્યતિ' જીવને નહિ જેવા પ્રયત્નથી દુર્ગમ અને અપ્રાપ્ય એવા અક્ષરધામનું સુખ આપ્યું. જે શ્રીહરિની કેવળ કૃપાનું જ ફળ છે.

''કોટ ઉઘાડ્યા કલ્યાણનાં, ભાગ્ય નાં ખોલ્યાં ભંડાર,
ભૂખ લાગી ભૂખ્યા જનની રે, જગે કર્યો જયજયકાર રે.
સ્વામિનારાયણ સહુને, નક્કી લેવડાવ્યું નામ.
ભજન કરાવી આ ભવમાં, આપિયું અક્ષરધામ.''

આમ શ્રીહરિએ જાણે કલ્યાણનું સદાવ્રત જ ન ખોલ્યું હોય. એમ પોતાના પ્રસંગમાં આવતા અનેક જીવોનું કલ્યાણ કર્યું છે. અને હજી પણ શ્રીહરિએ મૂર્તિ, આચાર્ય, શાસ્ત્રો અને ધર્મકુળ આશ્રિત સંતો દ્વારા મુક્તિનું સદાવ્રત ચાલું જ રાખ્યું છે. આથી જ સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ ગાયું છે.

''કળશ ચઢાવ્યો કલ્યાણનો રે,
સહુના મસ્તક પર મોડ પુરુષોત્તમ પ્રગટી રે ?''

માટે ભગવાન શ્રી સ્વામિનારાયણના આ દાખડાને સફળ કરવા એ કલ્યાણના માર્ગને અપનાવી શ્રીહરિના અક્ષરધામનાં સ્વરૂપની પ્રાપ્તિ કરવા દરેક મનુષ્યે પ્રયત્ન કરવો એ જ માનવજીવનની સાર્થકતા છે !

# પ્રશ્નપેટી

**સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુર)**

**પ્ર. : ૧** અને અમારે આશ્રિત જે સર્વે સત્સંગી તેમના ધર્મની રક્ષા કરવાને અર્થે એ સર્વેના ગુરૂપણાને વિષે અમે સ્થાપન કર્યા એવા જે તે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર તેમણે મુમુક્ષુજનને દીક્ષા આપવી.-શિક્ષાપત્રીના કયાં શ્લોક માં સ્વામિનારાયણ ભગવાને આજ્ઞા કરી છે ?

**પ્ર. : ૨** અને વિદ્યાર્થી બ્રાહ્મણને રાખીને પૃથ્વીને વિષે સદ્‌વિદ્યાની પ્રવૃતિ કરાવવી,કેમ જે વિદ્યાદાને કરીને મોટું પુણ્ય થાય છે.- સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા મુજબ આદિ આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજે સર્વ પ્રથમ સંસ્કૃત મહાવિદ્યાલયની સ્થાપના ક્યાં કરી હતી ? હાલમાં તે ક્યાં છે ?

**પ્ર. : ૩** પરોક્ષ્ય થી ભવતણો પાર આવે નહિં - એમ પ્રભાતીયામાં કહ્યું છે તેનું કેમ સમજવું ?

**પ્ર. : ૪** ભગવાનની મૂર્તિનો આશ્રય હોય ને ભગવાનનાં ચરિત્રને ગાતો સાંભળતો હોય ને ભગવાનનું નામ સ્મરણ કરતો હોય ને જો તેમાં ધર્મ ન હોય તો તે માથે પાણો લઈને સમુદ્રને તરવા ઈચ્છે છે એવો જાણવો. અંતમાં શ્રીજી મહારાજે તેને કોના જેવો જાણવાનું કહ્યું ?

**પ્ર. : ૫** અત્રિૠષિને ત્યાં અનસુયા થકી ત્રણ પુત્રો નો જન્મ થયો. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ. તેમાં વિષ્ણુના અંશથી દતાત્રેયભગવાન થયા તથા તેમના પત્ની કોના અંશથી થયા અને તેમનું શું નામ હતું ?

**પ્ર. : ૬** સંસારીનું સુખડું જુઠ્ઠું આવે ને જાયે ,હરિનો અખંડ સોહાગ કેદી કાળ ન ખાયે.- આ કડી ક્યા કીર્તન ની છે તેના રચયિતા નું નામ આપો.

**પ્ર. : ૭** દીકરી બાપને ઘેર આવી હોય ને તેને બાળક જન્મે તથા અને ત્યાં તેનું (દીકરીનું)મૃત્યુ થાય, તો તેના માતા-પિતા તથા ભાઈને કેટલા દિવસનું સૂતક પાળવું ?

## ડિસેમ્બર-૨૦૧૨ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) મરોડ્યા એટલે અંગરખુ ફાટી ગયું. (૨) ભરતસિંહ રાજા. (૩) માતા જશોદા રે, મેલો ઘર માહરે રે., કહાનજી ને મહીંડુ વલોવવા કાજ....(૪) પાંચ(૫)માં હોલમાં ધોલેરાધામ. (૫) પ.પૂ.આદિ આચાર્ય મહારાજ શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ. (૬) સ.ગુ.ગવૈયા સર્વજ્ઞાનંદ સ્વામી. (૭) પ્રત્યક્ષ એવા જે ભગવાન તથા તે ભગવાન ના ભક્ત સાધુ તેનું માહાત્મય સમજે તેનેકલ્યાણના માર્ગમાં કાંઈયે સમજવું બાકી રહ્યું નથી તે વાત નારદ, સનકાદિક, શુકજી, બ્રહ્માજી, શિવ, જડભરત, હનુમાન, ઉધ્ધવજી ના નામ લઈને ગ.મ.ના ૨૧ માં વચનામૃતમાં સમજાવી છે.

૧. પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૨. પટેલ અલકાબેન ડી. (લુણાવાડા)
૩. સાં.યો. કોકીલાબા તથા ઉષાબા (સુરેન્દ્રનગર)
૪. પટેલ અંજનબેન મનુભાઈ (નાંદોલ)
૫. પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૬. પટેલ શારદાબેન કાંતિભાઈ (નાંદોલ)
૭. પટેલ માણેકબેન મણીલાલ (દહેગામ)
૮. ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૯. પટેલ સુભદ્રાબેન અમૃતભાઈ (વડુ)
૧૦. પટેલ કોકીલાબેન ઘનશ્યામભાઈ (વડુ)
૧૧. પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૧૨. ટાંક જ્યોત્સનાબેન અરવિંદભાઈ (હિમતનગર)
૧૩. પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (રાણીપ)
૧૪. પટેલ શારદાબેન વિઠ્ઠલદાસ (ડાંગરવા)
૧૫. પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (કલોલ)
૧૬. પટેલ લાલભાઈ એમ. (ગાંધીનગર)
૧૭. ભાવસાર સુમિત્રાબેન નરેશકુમાર (વિસનગર)
૧૮. ભાવસાર કપિલાબેન નટવરલાલ (લાંધણજ)
૧૯. પટેલ વિનોદભાઈ પી. (વહેલાલવાળા)
૨૦. સાં.યો. રંજનબા તથા નાનીબેન (સ્વા.મંદિર બહેનોનું વિરાટનગર)
૨૧. સાં.યો. ભારતીબા, મંજુબા, (કાલુપુર હવેલી)
૨૨. સાં.યો. શીતલબા, શિલ્પાબા (કાલુપુર હવેલી)
૨૩. પંચાલ વંદના (નારણપુરા)
૨૪. સાં.યો. કંચનબા, સાં.યો. હીરાબા, સાં.યો. ભગવતીબા (ધ્રાંગધ્રા)
૨૫. ભાવસાર વીણાબેન રતિલાલ (અમદાવાદ)
૨૬. ભાવસાર અરવિંદાબેન નરેશભાઈ (ચાંદલોડીયા)
૨૭. સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (અમદાવાદ)
૨૮. ઠક્કર રીટાબેન જયેશભાઈ (વસ્ત્રાપુર)
૨૯. ચોકસી ઈલાબેન નરેન્દ્રકુમાર (દરિયાપુર)
૩૦. ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૩૧. વિઠ્ઠલાપરા અમરશીભાઈ (નવસારી)
૩૨. ભોરણીયા નથુભાઈ ભગવાનજી (ઘૂંટુ મોરબી)
૩૩. ગાંધી જ્યોત્સનાબેન એચ. સુરેન્દ્રનગર
૩૪. પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૩૫. શ્રી નરનારાયણદેવ બાળ મંડળ (પંચવટી-કલોલ)
૩૬. પટેલ જ્યોત્સનાબેન રાજેન્દ્રભાઈ (આનંદપુરા)
૩૭. ઓચ્છવ મંડળ (સ્વા.મંદિર એપ્રોચ-બાપુનગર)
૩૮. હિરપરા દર્શન વી. (બાપુનગર)




**શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં ધનુર્માસ ધૂન મહોત્સવ**

શ્રી નગર અમદાવાદ શહેરના સંપ્રદાયના સૌ પ્રથમ શ્રીસ્વામિનારાયણ મંદિરમાં સર્વોપરિ શ્રીહરિએ સ્વયં બાથમાં લઈ પધરાવેલા સ્વસ્વરૂપ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં અને સમસ્ત ધર્મકુળની શુભ નિશ્રામાં તેમજ બ્રહ્મનિષ્ઠ સંતો અને હજારો, ધર્મકુળ આશ્રિત હરિભક્તોની વિશાળ ઉપસ્થિતિમાં તા. ૧૬ ડિસેમ્બરથી પવિત્ર ધનુર્માસનો પ્રારંભ થયો. ઠંડીની પણ સુંદર શરૂઆત થઈ ! શ્રીહરિના આશ્રિતોને સુગમ નહીં પણ કઠીન તપ કરવું સારું લાગે, તેમ આવી ઠંડીમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનમાં પ્રસાદીનો સભા મંડપ ખીચોખીચ ભરાઈ જાય. બેસવાની જગ્યા ન મળે તો ઉભા ઉભા પણ સ્વામિનારાયણ નામનું રટણ ચાલું જ હોય ! પૂજ્ય મહંત સ.ગુ.શા.સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી કોઠારી પાર્ષદ દિગંબર ભગતના માર્ગદર્શન હેઠળ બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી, જે.પી. સ્વામી, જે.કે. સ્વામી, યોગી સ્વામી, નટુ સ્વામી, રામ સ્વામી, આદિ સંત પાર્ષદ મંડળ અને હરિભક્તોની સેવા ખૂબજ સુંદર રહી હતી. આ વરસે પણ સમસ્ત ધર્મકુળ, બ્રહ્મનિષ્ઠ સંતો અને ૨૦૦૦ જેટલા હરિભક્તોની આખા માસની ધૂન અને ૬૦૦૦ હજાર ઉપરાંત દૈનિક ધૂન હરિભક્તો દ્વારા થઈ હતી.

(શા. નારાયણમુનિદાસજી)

**બામરોલી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં વાર્ષિક પાટોત્સવ ઉજવાયો**

મધ્ય પ્રદેશના મુરેના તાલુકાની ચંબલ ઘાટીમાં આવેલા શ્રીનરનારાયણદેવના આદિ આચાર્ય પ.પૂ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીના કૃપાપાત્ર બામરોલી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો વાર્ષિક પાટોત્સવ શ્રી નરનારાયણદેવના અનન્ય આશ્રિત પ.ભ. સુરેન્દ્રભાઈ પટેલ (વિશાલાવાળા)ના યજમાન પદે વિધિવત રીતે ધામધૂમથી સંપન્ન થયો. પાટોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૨૯-૧૧-૧૨ થી તા. ૩-૧૨-૧૨ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિભૂષણ ગ્રંથની પંચદિનાત્મક પારાયણ શા. સત્યપ્રકાશદાસજી (મૂળી)ના વક્તા પદે થઈ હતી. તા. ૩-૧૨-૧૨ના રોજ ઠાકોરજીનો ષોડશોપચાર મહાભિષેક સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (અમદાવાદ), સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ), સ.ગુ. મહંત સ્વામી ધર્મસ્વરૂપદાસજી (નાથદ્વારા) મહંત શા.સ્વા. અખિલેશ્વરદાસજી (મથુરા) અને ભુજના સંતોના વરદ્ હસ્તે થયો હતો. અન્નકૂટ બનાવવાની સેવામાં નાથદ્વારાના સંતોએ શ્રધ્ધાથી તૈયારી કરીને સૌને અન્નકૂટના દિવ્ય દર્શનનો લાભ આપ્યો હતો.

પ્રાસંગિક સભામાં સંતોએ યજમાનશ્રીની સેવાને બિરદાવી હતી. પ.ભ. સુરેન્દ્રભાઈ તરફથી ઠાકોરજીને થાળ સંતો અને મહેમાન હરિભક્તો સાથે સમસ્ત ગામને સુંદર વિવિધ પકવાનની રસોઈ મહાપ્રસાદ જમાડીને સૌના આશીર્વાદના ભાગ્યશાળી બન્યા હતા. આવા સુંદર ઉત્સવથી સારાય ગામમાં શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયનો જયજયકાર થયો હતો. અત્રે મંદિરના મહંત સ્વામી લક્ષ્મણજીવનદાસજીએ પ્રસંગમાં ખૂબજ જહેમત ઉઠાવી હતી. (શા. સત્યપ્રકાશદાસજી, મૂળી)

**ગવાડા ગામે ત્રિદિનાત્મક જ્ઞાનયજ્ઞ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી, સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી, અને સ.ગુ. શા. પી.પી. સ્વામી (મહંતશ્રી નારાયણઘાટ)ની પ્રેરણાથી તા. ૧૫-૧૧-૧૨ થી તા. ૧૭-૧૧-૧૨ પર્યન્ત ગવાડા ગામે ''શ્રીહરિ ગીતા''નું સુંદર આયોજન થયું.

પારાયણના યજમાનશ્રી અ.નિ. વાલજીભાઈ બાલચંદદાસ કોઠારીશ્રીના પરિવારજનો હ. પરસોતમભાઈ, અમૃતભાઈ, ગોપાલભાઈ, જયંતીભાઈ અને રમેશભાઈ આદિ પરિવારજનોએ અલભ્ય લાભ લીધો હતો.

કથાના વકર્તાપદે સ.ગુ. શા.સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)એ વિરાજીને હરિભક્તોને કથા રસમાં તરબોળ કર્યા હતા. જેમાં ગામ અને આજુબાજુના ગામોના ભક્તોએ પણ કથાનો લાભ લીધો હતો. બન્ને સમય યજમાનશ્રી તરફથી પ્રસાદની સુંદર વ્યવસ્થા કરી હતી. પારાયણ પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંત મંડળ સાથે પધાર્યા હતા અને સૌ પ્રથમ પારાયણની પૂર્ણાહુતિ કરીને સભામાં વિરાજમાન થાય હતા. ધામો-ધામથી પધારેલા સંતોમાં સ.ગુ.શા.સ્વા. નારાયણવલ્લભદાસજી, સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી, સ.ગુ. શા. સ્વા. અભયપ્રકાશદાસજી

અને સ્વા. માધવપ્રિયદાસજી, આદિ સંતોની પ્રેરક વાણીબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ યજમાન પરિવારને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભામાં વજીબાના વિજાપુરના પ્રસાદીના જગ્યામાં રિનોવેશન માટે સુંદર સેવા થઈ હતી.

(શા.સ્વા. કુંજવિહારીદાસ)

**આજોલ ગામે ત્રિદિનાત્મક જ્ઞાનયજ્ઞ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા નારાયણઘાટ મંદિરના મહંત શ્રી સ.ગુ.શા.પી.પી. સ્વામીની પ્રેરણા-માર્ગદર્શનથી આજોલ ગામે તા. ૧૭-૧૧- થી તા. ૧૯-૧૧-૧૨ પર્યન્ત શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધની ત્રિદિનાત્મક કથા સુંદર રીતે સંપન્ન થઈ. શ્રીનરનારાયણદેવ સ્વામિનારાયણ સત્સંગ મંડળ આશ્રિત આયોજીત આ કથાના વક્તાપદે સ.ગુ.શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) એ વિરાજીને સુંદર લાભ આપ્યો હતો. પ્રથમ દિને પોથીયાત્રા અને શ્રીકૃષ્ણ જન્મોત્સવનો દિવ્યાનંદ ભક્તોએ માણ્યો હતો.

પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી સંત મંડળ સાથે પધાર્યા હતા. પ્રાસંગિક સભામાં સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી, બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી, સ્વામી અભય પ્રકાશદાસજી, મુનિ સ્વામી, સ્વા. કુંજવિહારીદાસજી અને સ્વા. માધવપ્રિયદાસજીએ પ્રસંગોચિત પ્રવચન કરેલ. છેલ્લે પ.પૂ.મોટા મહારાજશ્રીએ યજમાન પરિવાર અને સમસ્ત ગામને રૂડા આશીર્વાદ સાથે નૂતન મંદિર નિર્માણ માટે ભલામણ કરી હતી. સમગ્ર પ્રસંગમાં ગ્રામજનો અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળ હિરાવાડીની સેવા પ્રેરણારૂપ હતી.

(શા. ચૈતન્યસ્વરુપદાસજી)

**બિલોદરા ગામે પ્રથમ શાકોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ.ગુ. શા.પી.પી. સ્વામી (નારણઘાટ મહંતશ્રી)ની પ્રેરણાથી બિલોદરામાં તા. ૧૨-૧૨-૧૨ના રોજ પ્રથમ ભવ્ય શાકોત્સવ ધામધૂમથી ઉજવાયો.

અત્રે શ્રી નરનારાયણદેવ તાબાના નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ કાર્ય ચાલું છે. ૫૦૦ જેટલા ભાવિક ભક્તોએ તન, મન અને ધનથી સેવા કરી શાકોત્સવનો લાભ લીધો હતો.

આ પ્રસંગે સુંદર કીર્તન ભક્તિ-રાસ પણ થયા હતા. બહેનો રોટલા બનાવવાની સેવામાં ઓતપ્રોત થયા હતા.

સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ શાકોત્સવના મહિમાની કથા સંભળાવી હતી. આ પ્રસંગમાં પ.પૂ. મોટા મહારાજશ્રી સંત મંડળ સાથે પધાર્યા હતા અને સ્વહસ્તે દિવ્ય શાકનો વધાર કરીને હરિભક્તોને અલૌકિક દર્શન કરાવ્યા હતા. સેવા કરનાર ભક્તોને આશીર્વાદ આપી રાજી થયા હતા. પધારેલા સંતોમાં બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી, મહંત સ્વામી (અમદાવાદ)ના પ્રતિનિધિ જે.પી. સ્વામી, પુરાણી વિશ્વવિહારી સ્વામી, નટુ સ્વામી, યોગી સ્વામી, શ્રીવલ્લભ સ્વામી, રૂષિ સ્વામી અને માધવ સ્વામી આદિ સંતોએ બેઠાબેઠા મૌન આશીર્વાદ આપ્યા હતા. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા. યુવા હરિભક્તોની સુંદર સેવા હતી.

**નોંધ. બિલોદરામાં નૂતન મંદિરનું કામ ચાલું છે. સેવા કરવા ઈચ્છતા હરિભક્તોએ સત્વરે સેવાનો લાભ લેવા અનુરોધ છે.** (ભીખાજી તથા ગ્રામજનો)

**પ્રસાદીભૂત શ્રી સ્વામિનારાયણ મંદિર કુંડાળ (તા. કડી) માં ૧૩ માં પાટોત્સવના ઉપલક્ષમાં પંચાન્હ પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી અને સ.ગુ. શા.પી.પી. સ્વામી (નારાયણઘાટ)ની પ્રેરણાથી શ્રીહરિ પ્રસાદીભૂત એવા કલા ભગતના કુંડાળ ગામે ૧૩ માં પાટોત્સવના ઉપલક્ષમાં તા. ૨૧-૧૧-૧૨ થી તા. ૨૫-૧૧-૧૨ પર્યન્ત પંચદિનાત્મક શ્રીમદ્ સત્સંગિજીવન પારાયણનું સુંદર આયોજન થયું હતું. આ પાટોત્સવ અને પારાયણના યજમાન અ.નિ. રામભાઈ જેશંગભાઈ તથા અ.નિ. કપિલાબેન રામભાઈ કાપડીયા પરિવાર હ. ગીરીશભાઈ તથા સુમનભાઈ રહ્યાં હતા. કથાના વક્તાપદે સ.ગુ.શા.સ્વા. રામકૃષ્ણદાસજી તથા સ.ગુ.શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ બિરાજીને સુંદર કથા વાર્તાનો લાભ આપ્યો હતો. પ્રસંગના બીજા દિવસે પ.પૂ. મોટા મહારાજશ્રી તથા ત્રીજે દિવસે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને બહેનોને દર્શન આશીર્વાદ આપી રાજી થયા હતા. આ પ્રસંગમાં ધામોધામના સંતો પૈકી બ્ર.સ્વા. રાજેશ્વરાનંદજી, જે.પી. સ્વામી, શા. અભય સ્વામી, માધવ સ્વામી અને સ્વા. વ્રજભૂષણ સ્વામી આદિ પધાર્યા હતા. કથા દરમ્યાન નારાયણઘાટ મંદિર જીર્ણોધ્ધારમાં ઘણી સારી સેવા હરિભક્તો દ્વાર થઈ હતી. પ્રસંગમાં સુંદર પ્રસાદની વ્યવસ્થા અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા પ્રસંશનીય હતી.

(કોઠારીશ્રી)

**ચાંદખેડામાં પંચદિનાત્મક જ્ઞાનયજ્ઞ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ.શા. સ્વામી પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)ની પ્રેરણાથી તા. ૨૫-૧૧-૧૨ થી તા. ૨૯-૧૧-૧૨ પર્યન્ત પંચદિનાત્મક જ્ઞાનયજ્ઞનું સુંદર આયોજન થયું.

જ્ઞાનયજ્ઞના યજમાન પ.ભ. અંબાલાલ બકોરભાઈ પટેલ પરિવાર હ. સુનિલભાઈ એ સુંદર લાભ લીધો હતો. કથાના વક્તાપદે સ.ગુ.શા.સ્વા. રામકૃષ્ણદાસજીએ (કોટેશ્વર) બિરાજીને સુંદર કથામૃત પાન કરાવ્યું હતું. પારાયણના બીજા

દિવસે પ.પૂ. મોટા મહારાજશ્રી સંત-મંડળ સાથે પધાર્યા હતા અને યજમાન પરિવારને રૂડા આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા. પૂર્ણાહુતિ પ્રસંગે સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી રાજેન્દ્રપ્રસાદદાસજી, સ્વા. લક્ષ્મણજીવનદાસજી, શા.સ્વા. વ્રજવલ્લભદાસજી, શા. અભય સ્વામી, અને માધવ સ્વામી પધાર્યા હતા. અમદાવાદ મંદિરના મહંત સ્વામીના હસ્તે કથાની પૂર્ણાહુતિ થઈ હતી. પ્રાસંગિક સભામાં મહંત સ્વામી, સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી અને શા.સ્વા. ગોપાલજીવનદાસજીએ આશીર્વાદ આપ્યા હતા. સમગ્ર પ્રસંગમાં યુવાનોની સેવા પ્રેરણારૂપ હતી.

(શા.સ્વા. વ્રજભૂષણદાસજી, નારાયણઘાટ)

**દેલવાડા ગામે શાકોત્સવ-પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ.શા.સ્વા. પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)ની પ્રેરણાથી તા. ૩૦-૧૧-૧૨ થી તા. ૪-૧૨-૧૨ પર્યન્ત દેલવાડા ગામે શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ અને શાકોત્સવનું ભવ્ય આયોજન થયું.

પારાયણના મુખ્ય યજમાન અ.સૌ. ડાહીબેન ભગુભાઈ બાપુદાસ પટેલ પરિવાર રહ્યાં હતા અને શાકોત્સવના મુખ્ય યજમાન શ્રી ત્રિમૂર્તિ ડેરી ફાર્મ અને પ્રિયા ડેરી ફાર્મ વાળા યોગેશભાઈ નરેન્દ્રભાઈ અને લાલસિંહ રેવાજી ગોહિલ રહ્યાં હતા. પારાયણના વક્તા પદે સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)એ બિરાજીને સુંદર કથાનું શ્રવણ કરાવ્યું હતું. પારાયણનું મંગલ દિપ પ્રાગટ્ય સ.ગુ.સ્વા. હરિકેશવદાસજીના વરદ્ હસ્તે થયું હતું. પ્રસંગમાં પોથીયાત્રા, રાત્રીય કાર્યક્રમ, રાસ ગરબા સત્સંગ ડાયરો, કીર્તન ભક્તિ અને શ્રીકૃષ્ણ જન્મોત્સવ સુંદર રીતે ઉજવાયા હતા. સર્વે ભક્તજનોને પારાયણ પ્રસંગ દરમ્યાન સમસ્ત ધર્મકુળના દર્શન થયા હતા. જેમાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તા. ૧-૧૨-૧૨ ના રોજ પધાર્યા હતા અને બહેનોને દર્શન-આશીર્વાદ આપી રાજી થયા હતા. પ.પૂ. લાલજી મહારાજશ્રી પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધાર્યા હતા. અને કથાની પૂર્ણાહુતિ કરીને ભવ્ય શાકનો વધાર કરી અલૌકિક શાકોત્સવ ઉજવ્યો હતો. આ પ્રસંગમાં ધામો ધામના સંતો પૈકી સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી, બ્ર.સ્વા. રાજેશ્વરાનંદજી, સ.ગુ.શા.સ્વા. નારાયણવલ્લભદાસજી, શા. કુંજવિહારીદાસજી, શા.સ્વા. અભયપ્રકાશદાસજી અને માધવ સ્વામી આદિ સંતોએ આશીર્વાદ આપ્યા હતા. ગામના તમામ ભક્તોની સેવા પ્રેરણારૂપ હતી. (શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી)

**મુબારકપુરા ગામે પાટોત્સવ-શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. સ્વા. દેવપ્રકાશદાસજી અને સ.ગુ. શા.પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)ની પ્રેરણાથી મુબારક પુરા શ્રી સ્વામિનારાયણ મંદિરનો બીજો પાટોત્સવ તથા ભવ્ય શાકોત્સવ ઉજવાયા હતા.

પાટોત્સવ તથા શાકોત્સવના યજમાન અ.નિ. પ.ભ. નારણભાઈ કાનદાસ પટેલ પરિવારના શ્રી પછાભાઈ રહ્યાં હતાં. પ્રથમ પ્રાતઃ ઠાકોરજીનો અભિષેક અને ત્યારબાદ સુંદર અન્નકૂટ ધરાવેલ જેની આરતી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ઉતારી હતી. ભવ્ય શાકોત્સવનો વધાર પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે થયો હતો.

પ્રાસંગિક સભામાં બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી, જે.પી. સ્વામી, શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસજી, પુરાણી સ્વામી વિશ્વવિહારીદાસજી અને નિલકંઠ સ્વામીએ કથા વાર્તા અને શ્રીહરિના મહિમાની વાતો કરી હતી. છેલ્લે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સૌ ભક્તોને રૂડા આશીર્વાદ આપ્યા હતા. યુવક મંડળ સેવામાં અગ્રેસર હતું.

(શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી, કોટેશ્વર)

**મેઘાણીનગરમાં તુલસી વિવાહ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ.શા. પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)ના માર્ગદર્શનથી મેઘાણીનગર અંબર સોસાયટીમાં ભવ્ય તુલસીવિવાહ સંપન્ન થયો.

મેઘાણીનગર વિસ્તારના સર્વે ભક્તોએ ભેગા મળી તુલસી વિવાહનું સુંદર આયોજન કર્યું હતું. જેમાં વરપક્ષમાં પ.ભ. ગોવિંદભાઈ રણછોડદાસ પટેલ પરિવાર અને કન્યા પક્ષના પ.ભ. મંગળભાઈ પટેલ પરિવારે સુંદર લાભ લીધો હતો. આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી આશીર્વાદ આપવા પધાર્યા હતા. સાથે સંતોમાં સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી પધાર્યા હતા. તથા શા. અભય સ્વામી અને ચૈતન્ય સ્વામીએ કથા વાર્તા કરીને સૌને સુંદર લાભ આપ્યો હતો. ઘણાજ ભક્તજનોએ દર્શન કરી અને સેવામાં પણ લાભ લીધો હતો. (શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરામાં તુલસી વિવાહ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી અને સ.ગુ. મહંત શા.સ્વા. હરિૐપ્રકાશદાસજી અનો શા.સ્વા. માધવપ્રસાદદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરામાં ભવ્ય તુલસી વિવાહ સંપન્ન થયો. આ પ્રસંગે સમૂહ મહાપૂજા પણ યોજવામાં આવી હતી. કન્યા પક્ષના યજમાન મંદિરના ટ્રસ્ટીશ્રી પ.ભ. રસિકભાઈ દયાળજીભાઈ સોની પરિવાર રહ્યાં હતાં. તુલસી માતાની ભવ્ય શોભાયાત્રા યજમાનશ્રીના નિવાસ સ્થાનેથી મંદિર સુધી વાજતે ગાજતે સંતો-હરિભક્તોની હાજરીમાં નીકળી હતી. વરપક્ષના યજમાન પ.ભ. ભાલજા સાહેબ મંડળના પ.ભ. ડૉ. હર્ષદભાઈ કસ્તુરચંદ ઝિંઝુવાડીયા પરિવારના ત્યાંથી ઠાકોરજીની ભવ્ય

શોભાયાત્રા વાજતે ગાજતે મંદિર પધારી હતી. ચોરીમાં સુંદર લગ્ન વિધિ સંપન્ન થયો હતો. કન્યા પક્ષના મામાના યજમાન અ.નિ. લવજીભાઈ ભીમજીભાઈ પટેલ પરિવારના રણછોડભાઈ તથા ધ.પ. કંચનબેન રહ્યાં હતાં. અને વરપક્ષના મામાના યજમાન પ.ભ. સમીરભાઈ રમણભાઈ (આંતરસુબાવાળા) પટેલ પરિવારે સુંદર લાભ લીધો હતો. આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને પ્રસંગના યજમાનોને રૂડા આશીર્વાદ આપ્યા હતા. તેજ રીતે બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ પધારીને યજમાન પરિવારના બહેનોને રૂડા આશીર્વાદ આપ્યા હતા. લગ્ન વિધિબાદ દેવ સ્વામી, મુકુંદ સ્વામી, મુક્તસ્વરૂપ સ્વામી (મૂળી) અને પ્રેમસ્વરૂપ સ્વામીએ ઠાકોરજીના સુંદર થાળ કર્યા હતા. મહિલા મંડળની બહેનો અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા પ્રેરણારૂપ હતી. તુલસી વિવાહના દર્શન કરી સૌ ભક્તજનો ભાવ વિભોર બન્યા હતા. (વિશાલ ભગત)

**થરા (બનાસકાંઠા) ગામે સૌ પ્રથમ ભવ્ય શાકોત્સવ ઉજવાયો**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી બનાસ કાંઠામાં સૌ પ્રથમવાર કાનાબાર પરિવારના કુળદેવી બાલવી માતાજીના મંદિર થરા ગામે તા. ૧૯-૧૨-૧૨ના રોજ શ્રી નરનારાયણદેવ દેશના ગાદીપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે દિવ્યતમ શાકનો વઘાર કરી સમગ્ર બનાસકાંઠાના હરિભક્તોને મહા અલૌકિક શાકોત્સવના દર્શનનો લાભ આપ્યો હતો.

આ પ્રસંગમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સાથે અમદાવાદથી સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, જે.પી. સ્વામી, પુરાણી સ્વામી, વિશ્વવિહારીદાસજી, શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસજી, નિલકંઠ સ્વામી અને શા.સ્વા. નારાયણમુનિદાસજી આદિ સંતો અને વિરડીધામથી શ્રી નટુભાઈ કાનાબાર તેમજ ગામોગામના હરિભક્તો અને ધાર્મિક તેમજ રાજકિય મહાનુભાવો પણ પધાર્યા હતા. સૌ પ્રથમ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ભાભર ગામે પ.ભ. રમેશભાઈ કાનાબારના નિવાસ સ્થાને પધાર્યા હતા. જ્યાં પ.પૂ. મહારાજશ્રીનું ભવ્ય સ્વાગત સામૈયું બેન્ડ પાર્ટી અને ઢોલ નગારા સાથે હજારો હરિભક્તો દ્વારા થયુ હતું. હજારો હરિભક્તો ધર્મવંશીના દર્શન કરીને ધન્ય ધન્ય બની ગયા હતા. પુનઃ ભાભર પધારવાનો કોલ આપી ખૂબજ રાજી થયા હતા.

ભાભર ગામમાં વૈશાખ સુદ-૩ ના રોજ શ્રી નરનારાયણદેવ તાબાનું ભવ્ય શ્રી સ્વામિનારાયણ મંદિરનું ખાત મુહૂર્ત પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધૂમથી સંપન્ન થશે. (રમેશભાઈ કાનાબાર)

**કલ્યાણપુરા (તા. કડી)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી અને નારણપુરા મંદિરના મહંત શા.સ્વા. હરિૐપ્રકાશદાસજીની પ્રેરણાથી કલ્યાણપુરા ગામે પ.ભ. ધીરૂભાઈ સાતુનિયાના પિતાશ્રી લાભુભાઈ અને તેમના માતુશ્રી નર્મદાબાની ઉપસ્થિતિમાં તેમની જીવત ચર્યા નિમિત્તે શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી સંત મંડળ સાથે પધાર્યા હતા. અને પ.ભ. લાભુભાઈ પરિવારને રૂડા આશીર્વાદ આપ્યા હતા. ધામોધામથી સંતો પણ પધાર્યા હતા. દરેક ભક્તોને પ્રસાદની સુંદર વ્યવસ્થા શ્રી પ્રતિકકુમાર ધીરૂભાઈએ કરી હતી. (વિશાલ ભગત)

**શ્રી સ્વામિનારાયણ મંદિર સીતાપુરનો ૯૭ મો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજીની પ્રેરણાથી સીતાપુર શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૯૭ મો વાર્ષિક પાટોત્સવ તા. ૧૫-૧૨-૧૨ ના રોજ ધામધૂમથી ઉજવાયો હતો.

સૌ પ્રથમ મંદિરમાં કીર્તન ભક્તિ-ઉત્સવ અને ત્યારબાદ ઠાકોરજીને પાલખીમાં બેસાડી ધજા, છત્ર અને ચમર સાથે વાજતે ગાજતે ગામમાં શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ દિવસે ખેડૂતો બળદ ગાડા જોડતા નથી અને દરેક હરિભક્તો નગરયાત્રામાં જોડાયા હતા. આ પ્રસંગમાં જેતલપુર ધામથી સ.ગુ.શા.સ્વા. આત્મપ્રકાશદાસજી સંત-મંડળ સાથે પધાર્યા હતા. સંતોએ ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક અને અન્નકૂટ આરતી ઉતારી હતી.

પાટોત્સવના યજમાન જીવીબેન પટેલ પરિવારના સભ્યોનું પૂ. સ્વામીએ આશીર્વાદ આપી સન્માન કર્યું હતું. પ્રાસંગિક સભામાં સંતો દ્વારા કથા વાર્તા અને આગામી પાટોત્સવની જાહેરાત કરી હતી. આ પ્રસંગે જેતલપુર, જમીયતપુરા, મહેસાણા, નારણપુરા અને કલોલ મંદિરના સંતો પધાર્યા હતા. સમગ્ર સંચાલન શા. ભક્તિનંદન સ્વામીએ કર્યું હતું. (શા.ભક્તિનંદનદાસ, શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, સીતાપુર)

**ઉત્તર ગુજરાત વિસ્તારની કલોલમાં સત્સંગ શિબિર**

પરમકૃપાળુ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ઉત્તર વિભાગ ટીમ-૯ દ્વારા યુવા શિબિરનું આયોજન KIRC કોલેજ કલોલ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં પોર-વાવોલ દેશ (૪ ગામ) ધમાસણા-કલોલ દેશ (૧૨ ગામ) ડાંગરવા દેશ (૮ ગામ) કડી-રાજપુર દેશ, તેમજ કટોસણદેશ (૧૬ ગામ)ના યુવા મિત્રોએ ભાગ લીધો હતો. સમગ્ર પ્રસંગ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના સાનિધ્યમાં યોજાયો હતો. આ પ્રસંગમાં

હરિકૃષ્ણ સ્વામી (એપ્રોચ મંદિર), શા.પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી) શા. નારાયણવલ્લભદાસજી (વડનગર), શા. ભક્તિનંદન સ્વામી (જેતલપુર) તેમજ શા. રામ સ્વામી (કોટેશ્વર ગુરુકુળ) આદિ સંતોએ સુંદર જ્ઞાન સાથે માર્ગદર્શન આપ્યુ હતું. ૭૦૦ જેટલા યુવા મિત્રોએ શિબિરમાં ભાગ લીધો હતો.

આ આયોજનમાં નારણઘાટ, ડાંગરવા, કલોલ અને મારુસણાના યુવક મંડળે પ્રેરણાત્મક સેવા બજાવી હતી. શિબિરના યજમાન મુકેશભાઈ પટેલ (પંચવટી) કલોલ રહ્યાં હતાં. છેલ્લે દરેક શિબિરાર્થીઓને પ.પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે શાકોત્સવ તેમજ નવા મુમુક્ષુઓને ગુરુમંત્ર અપાયા હતા.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, નારણઘાટ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર દહેગામ**

શ્રી નરનારાયણદેવ તાબાના શ્રી સ્વામિનારાયણ મંદિર દહેગામમાં સમસ્ત હરિભક્તોએ સાથે મળી નૂતન વર્ષના ભવ્ય અન્નકૂટ ઠાકોરજી સમક્ષ ધરાવીને ખૂબજ સુંદર ઉત્સવ કર્યો હતો. ધનુર્માસમાં પણ વહેલી સવારના શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરવામાં આવે છે. હરિભક્તો ખૂબજ સારો લાભ લે છે. બહેનોની સેવા પ્રેરણારૂપ હોય છે.

(કોઠારી હર્ષદભાઈ પટેલ)

**હિંમતનગર શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ**

પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞાથી તથા હિંમતનગર મંદિરના મહંત સ્વામી અને પૂજારી સ્વામીના માર્ગદર્શનથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દેવ પ્રબોધિની એકાદશીના શ્રી નરનારાયણદેવ મહિલા મંડળે ભગવાન સમક્ષ શાકભાજી અને ફૂલોની હાટડી ભરી હતી. શેરડી, દુધી, કાકડી, રિંગણ અને ગોદડીની પાંચ આરતી કરીને જાગરણ કરી ભગવાન શ્રીહરિનું ધૂન, ભજન કર્યું હતું. આ પ્રસંગમાં સંગીતાબેન તથા ભાવનાબેન પ્રજાપતી યજમાન રહ્યાં હતાં. (કલ્પનાબેન)

**આખજ શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૨ મો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા તથા સ.ગુ. મહંત સ્વામી નારાયણપ્રસાદદાસજી (મહેસાણા)ની પ્રેરણાથી આખજ શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૨ મો વાર્ષિક પાટોત્સવ તા. ૫-૧૨-૧૨ના રોજ વિધિવત રીતે ઉજવાયો.

તા. ૪-૧૨-૧૨ના રોજ રાત્રે કીર્તન ભક્તિ અને કથાવાર્તાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે શા. ભક્તિનંદનદાસજી (જેતલપુરધામ) અને ગાયકશ્રી જયેશભાઈ સોનીએ કર્યું હતું. તા. ૫-૧૨-૧૨ના પ્રાતઃ ઠાકોરજીની ષોડશોપચારથી મહાપૂજા કરવામાં આવી હતી. આ પ્રસંગના મુખ્ય યજમાન સોની નટવરલાલ ગંગારામ હ. સુપુત્રો પંકજભાઈ અને યોગેશભાઈ (પ્રીતિ જ્વેલર્સ અમદાવાદ)એ લાભ લીધો હતો. ઠાકોરજીનો મહાભિષેક સંતોના વરદ્ હસ્તે થયો હતો. સંતોએ કથાવાર્તામાં શ્રી નરનારાયણદેવ, આચાર્ય મહારાજશ્રી પ્રત્યેની નિષ્ઠા રાખવા ઉપર સુંદર વાતો-ઉપદેશ કર્યા હતા. સૌ પ્રસાદ લઈ ધન્ય ધન્ય બન્યા હતા. સમગ્ર આયોજન મહેસાણા મંદિરના મહંત સ્વામીએ કર્યું હતું. આ પ્રસંગમાં જેતલપુર, જમીયતપુરા, મહેસાણા, નારણપુરા, સિધ્ધપુર, કલોલ અને અમદાવાદથી સંતો પધાર્યા હતા.

(શા. ભક્તિનંદનદાસ અને કોઠારીશ્રી આખજ)

**ત્રિવેણી સંગમ પ્રયાગરાજમાં શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ**

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી તેમજ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના રૂડા આશીર્વાદથી અને ગઢપુરના સાં.યો. મેઘનાબેનની પ્રેરણાથી માનકુવા (કચ્છ)ના હાલ મોમ્બાસાના પ.ભ. મનજીભાઈ દેવશીભાઈ ગોરસીયાના યજમાન પદે તીર્થરાજ પ્રયાગ ક્ષેત્રમાં આપણા નિર્માણાધિન નૂતન મંદિરમાં તા. ૮-૧૨-૧૨ થી તા. ૧૨-૧૨-૧૨ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણનું સુંદર આયોજન થયું હતું. પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીએ કથાના પાંચ દિવસ પર્યન્ત કથા શ્રવણ કર્યું હતું. પારાયણના વક્તાપદે સ.ગુ.શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)એ બિરાજીને સુંદર કથામૃત પાન કરાવ્યું હતું. સમગ્ર આયોજન અત્રે પ્રયાગના મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજીએ કર્યું હતું. સભા સંચાલન શા. હરિપ્રસાદદાસજી (ગઢપુર)એ સંભાળ્યું હતું. આ પ્રસંગે અમદાવાદના સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, નારાયણઘાટ મહંત સ્વા. દેવપ્રકાશદાસજી, કોઠારી જે.કે. સ્વામી, વ્રજભૂષણ સ્વામી અને શા.સ્વા. ગોવિંદપ્રસાદદાસજી (ગઢપુર) આદિ સંતો પધાર્યા હતા. રસોડાની સેવા મુકુન્દ સ્વામી, દિવ્યપ્રકાશ સ્વામી અને હિતેન ભગતે સંભાળી હતી. કથા પ્રસંગમાં અમદાવાદ, મોરબી, સુખપર અને ગઢડાના સાંખ્યયોગી બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં. સમગ્ર વ્યવસ્થામાં કોઠારી પા. કમલેશ ભગત, અનિલ ભગત, સુંદર ભગત, સંસુલ ભગત, ઘનશ્યામ ભગત, અંકિત ભગત, મૌલિક ભગત, અને કનૈયા ભગત આદિએ સુંદર સેવા બજાવી હતી.

(ડી.કે. સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કપડવંજ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આશીર્વાદાત્મક આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર કપડવંજ (ભાઈઓ અને બહેનોનું) નો પાટોત્સવ શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસજીની પ્રેરણાથી પ.ભ. રમેશભાઈ એસ. પટેલ તથા ધિરેનભાઈ પટેલ આદિ યજમાનો દ્વારા વિધિવત રીતે ઉજવાયો હતો. શ્રી ભરતભાઈએ મહાપૂજા વિધિ કરાવી હતી. ઠાકોરજીને અન્નકૂટ, મહા આરતી બાદ શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસજી, શા. સુખનંદનદાસજી અને શા.

શ્રીકૃષ્ણદાસજીએ ઉદ્‌બોધન કર્યું હતું. છેલ્લે સૌએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા પ્રેરણારૂપ હતી. (કોઠારી અલ્પેશ પટેલ)

**ઈટાદરામાં વન વિચરણ કથા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ઈટાદરા ગામમાં અમૃતપર્વ મહોત્સવ નિમિત્તે તા. ૨૩-૧૧-૧૨ થી તા. ૨૫-૧૧-૧૨ સુધી વન વિચરણ કથા શા.સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજી (માણસા)ના વક્તા પદે થઈ હતી. આ પ્રસંગે ટોડલાથી મહંત સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, કલ્યાણપુરાથી ઘનશ્યામ સ્વામી આદિ સંતો પધાર્યા હતા. આ પ્રસંગે પટેલ ભીખાભાઈ (બી.કે. પટેલ) તેમના માતા-પિતાના અમૃતપર્વ નિમિત્તે તેમના સમાજના ૪૦૦૦ જેટલા ભક્તોને પ્રસાદરૂપી ભોજન જમાડેલ. આ પ્રસંગમાં પટેલ જયેશભાઈ, કમલેશભાઈ અને અરવિંદભાઈની સેવા પ્રેરણારૂપ હતી.

(ગવૈયા ચંદ્રપ્રકાશ સ્વામી, માણસા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર માંડલમાં શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા જેતલપુરધામના પૂ. સ.ગુ. મહંત શા.સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ. સ.ગુ. શા. સ્વામી પી.પી. સ્વામીની પ્રેરણાથી માંડલ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૨૨-૧૨-૧૨ના રોજ હરિભક્તોએ સાથે મળી સુંદર શાકોત્સવનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે જેતલપુર ધામથી વડીલ સંત સ્વામી શ્યામચરણદાસજી, શા.સ્વા. ભક્તિનંદનદાસજી અને શા.સ્વા. ભક્તિવલ્લભદાસજી પધાર્યા હતા. સવારે મહામંત્ર ધૂનબાદ સુંદર કથાનો સંતોએ લાભ આપેલ. ત્યારબાદ અદ્‌ભુત શાકોત્સવ કરીને હરિભક્તોને રાજી કર્યા હતા. આ પ્રસંગે પાટડી, કાલીયાણા, વિરમગામ અને ગૌરૈયાથી સાંખ્યયોગી બહેનો પધાર્યા હતા. અને બહેનોને કથાનો લાભ આપ્યો હતો.

(શા.સ્વા. ભક્તિનંદનદાસ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ધમાસણામાં ભવ્ય શાકોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી અને મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી (અમદાવાદ)ની પ્રેરણાથી શ્રીજી મહારાજના પ્રસાદીના ધમાસણા ગામે તા. ૨૫-૧૨-૧૨ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રી સૌ પ્રથમવાર ગામમાં પધાર્યા હતા ભવ્ય શાકોત્સવ ધામધૂમથી પોતાના વરદ્ હસ્તે ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીહરિના પરચા પ્રકરણની પંચાન્હ પારાયણ સ.ગુ.શા.સ્વામી સત્યસંકલ્પદાસજી (મુળી)ના વક્તાપદે થઈ હતી.

શાકોત્સવમાં ગામના દરેક હરિભક્તોએ રિંગણ-માખણ, બાજરી, ઘી, છાશ, મરચા, ગોળ આદિ સેવા સાથે બહેનોએ પણ તનથી સેવા કરી બાજરાના રોટલાની, આ પ્રસંગે સંતોમાં સ.ગુ.બ્ર. પૂજારી સ્વામી રાજેશ્વરાનંદજી, સ.ગુ.જે.પી સ્વામી, સ.ગુ. મહંત શા. સ્વામી પૂર્ણપ્રકાશદાસજી (ધોળકા), મહંત શા. પી.પી. સ્વામી (નારણઘાટ), સ્વા. બાલસ્વરૂપદાસજી (મૂળી), શા.સ્વા. વિશ્વવિહારીદાસજી, શા. વિશ્વસ્વરૂપદાસજી, રામ સ્વામી (આદરજ) આદિ સંતોએ પધારી શાકોત્સવનો દિવ્ય લાભ આપી અને પોતાની અમૃતવાણીનો પણ લાભ આપી હરિભક્તોને ખૂબજ રાજી કર્યા હતા. આ ઉત્સવના માર્ગદર્શક અને વ્યવસ્થાપક સ.ગુ. જે.પી. સ્વામી, સ.ગુ.શા.પી.પી. સ્વામી (નારણઘાટ મહંતશ્રી) પુરાણી વિશ્વવિહારીદાસજી રહ્યા હતાં.

(પોપટભાઈ કોઠારીશ્રી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી બોપલમાં આપણું શ્રી નરનારાયણદેવ તાબાનું ભવ્ય હરિ મંદિર જે આપણા પ.ભ. રતિભાઈ ખીમજીભાઈ પટેલે (અમદાવાદ મંદિરના ટ્રસ્ટીશ્રી) પોતાની જગ્યામાં બાંધકામ કરીને ભવ્ય સુંદર મંદિર શ્રી નરનારાયણદેવને સમર્પિત કર્યુ હતું. જેની મૂર્તિ પ્રતિષ્ઠા તા. ૧૫-૫-૨૦૦૫ ના રોજ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધૂમથી થઈ હતી. જે મંદિરમાં આપણા દરેક ઉત્સવો ધામધૂમથી ઉજવાય છે. શા. સ્વા. ધર્મવલ્લભદાસજીની પ્રેરણાથી મહંત સ્વામી હરિવલ્લભદાસજી તથા કોઠારી અમૃતભાઈ પટેલ દ્વારા તા. ૨૫-૧૧-૧૨ના રોજ રવિ સભા સાથો સાથ 'સ્નેહ મિલન'નું આયોજન કર્યું હતું. જેમાં તમામ ભક્તો જોડાયા હતા. કથાવાર્તા ભજન કીર્તનનો સુંદર સૂમેળ થયો. પ.ભ. ખીમજીભાઈ ભગવાનદાસ પટેલ અને તેમના સુપુત્રો પ.ભ. ગોવિંદભાઈ અને પ.ભ. રતિભાઈ (મેડાવાળા)એ યજમાન પદનો લાભ લઈ સૌનો રાજીપો મેળવ્યો હતો. દરેક હરિભક્તોને યજમાનશ્રી તરફથી ભોજન પ્રસાદ જમાડેલ.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી બોપલ મંદિરમાં દર રવિવારે સાંજે 'રવિ સભા' નિયમિત થાય છે. જેમાં તમામ ભક્તો લાભ લે છે. ઘણા યજમાન બની લાભ લે છે. આખા વર્ષના યજમાન નોંધાઈ ગયા છે.

પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞા આશીર્વાદથી બહેનોના સત્સંગમાં પણ દર એકાદશીના બપોરે મહિલા મંડળ દ્વારા કથા વાર્તા કીર્તન ભક્તિ આદિ થાય છે. ઘણીવાર વિરમગામના સાં.ગીતાબા વગેરે પણ કથાવાર્તાનું પોષણ આપે છે. ભાવિ પેઢી માટે પ.પૂ. લાલજી મહારાજશ્રીની સીધી દેખરેખ હેઠળ દર રવિવારે બાળ સભામાં બાળકો અને બાલિકાઓ દ્વારા સુંદર ભક્તિ સાથે સંસ્કાર સિંચન પ્રવૃત્તિ થાય છે. ધનુર્માસમાં પણ હજારો હરિભક્તો ધૂનમાં વહેલા પધારે છે અને અનેરો લાભ લઈ જીવન કૃત કૃત્ય કરે છે.

(પ્રવિણભાઈ ઉપાધ્યાય)

### ગાંધીનગર સેક્ટર-૨૩ ના આપણા મંદિરમાં સત્સંગ આરાધના પર્વ ઉજવાયો

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા, આશીર્વાદ તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના પૂર્ણ રાજીપાથી ગાંધીનગર સેકટર-૨૩ ના આપણા શ્રીસ્વામિનારાયણ મંદિરમાં તા. ૨૬-૧૨-૧૨ થી તા. ૩૦-૧૨-૧૨ સુધી શાસ્ત્રી સ્વામી શ્રી હરિકેશવદાસજીએ સંતદીક્ષા લીધી તેને ૫૫ વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે સત્સંગ આરાધના પર્વનું વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ''દિવ્યદર્શનમ્'' પ્રદર્શનનું આયોજન કર્યું હતું. આ પ્રદર્શનમાં શ્રીહરિએ ચાર માસ સુધી નીલકંઠવર્ણી વેષે તપશ્ચર્યા કરી છે તેવું તીર્થોત્તમ ક્ષેત્ર પુલ્હાશ્રમનું આબેહૂબ દૃશ્ય નિહાળી હજારો દર્શનાર્થીઓ ભાવવિભોર બની ગયા હતા.

આ મહોત્સવમાં તા. ૨૭-૧૨-૨૦૧૨ ને ગુરુવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા હતા. પ્રથમ મંદિરમાં ઠાકોરજીના દર્શન કરી પછી ''દિવ્ય દર્શનમ્'' પ્રદર્શનમાં પધાર્યા. પ્રદર્શનને નિહાળી અંતરનો રાજીપો વ્યક્ત કર્યો હતો. પછી પૂજ્યપાદ મહારાજશ્રી સભામાં પધાર્યા અને ઠાકોરજીનું આરતી પૂજન કરી સભામાં બિરાજ્યા ત્યારે સંતો તેમજ યજમાન હરિભક્તોએ પ.પૂ. મહારાજશ્રીનું હારતોરાથી સ્વાગત કરી આરતી ઉતારી હતી. પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે ''શ્રીહરિલીલા વાર્તા વિવેક'' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. પૂ. શાસ્ત્રી સ્વામીને દીક્ષા લીધે ૫૫ વર્ષ થતા હોય પૂજ્યપાદ મહારાજશ્રીએ રાજીપાનો હાર પહેરાવી અભિવાદન કર્યું હતું. સભામાં પધારેલ મહાનુભાવ સંતોના પ્રવચન બાદ પૂ.મહારાજશ્રીએ વિશાળ સભામાં આશીર્વચન આપતાં જણાવ્યું હતું કે -

''શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી પોતાને નહી પણ ભગવાનને ઓળખાવે એવા સંત છે.''

''અને તમારે ને અમારે સંબંધ શું ? પણ આપણા બાપ એક છે - સ્વામિનારાયણ ભગવાન અને આ આપણો આધ્યાત્મિક સંબંધ છે. માટે આપણે બધા એક કુટુંબના છીએ.'' આ ઉપરાંત આ સત્સંગ આરાધના પર્વમાં ભક્ત બહેનોનો ભક્તિ-આરાધના સભર કાર્યક્રમ તથા ઠાકોરજીનો મહાઅભિષેક, તુલાવિધિ, સમૂહ આરતી, યુવાનો દ્વારા મણીયારો રાસ તેમજ ''અધોગતિથી સદ્‌ગતિ''એ પ્રેરણાદાયી રૂપક, શ્રીહરિ મહાવિષ્ણુયાગ, વિના મૂલ્યે નેત્ર ચિકિત્સાયજ્ઞ, કીર્તન અંતાક્ષરી વગેરે અતિ દિવ્ય પ્રેરણાદાયી આયોજનો ગોઠવાયા હતાં. જેનો લાભ હજારો-હજારો ભક્તોએ લીધો અને પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ જયજયકાર સાથે આ મહામહોત્સવ પૂર્ણ થયો. (શા.સ્વા. હરિપ્રિયદાસજી)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગરનો ૭ મો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી અને અત્રેના મહંત સ.ગુ. સ્વામી પ્રેમજીવનદાસજીના સંકલ્પથી અને સાં. કમળાબાની પ્રેરણાથી અ.નિ.પ.ભ. મણીયાર લક્ષ્મીચંદભાઈ નારણભાઈ પરિવારના યજમાનપદે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન ઠાકોરજીનો ૭ મો વાર્ષિક પાટોત્સવ વિધિવત રીતે ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૨૪-૧૧-૧૨ થી તા. ૩૦-૧૧-૧૨ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ સ.ગુ.શા.સ્વા. શ્રીજીપ્રકાશદાસજીના (મૂળી) વક્તાપદે થઈ હતી. આ પ્રસંગે તુલસી વિવાહ, રામપ્રતાપભાઈનો વિવાહ, શ્રીહરિયાગ, અન્નકૂટ, મહાભિષેક, તથા બાળકો દ્વારા સાંસ્કૃતિક પ્રોગ્રામ થયા હતા. તા. ૨૭-૧૧-૧૨ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને રૂડા આશીર્વાદ આપી અત્રે નૂતન ઓફિસનું ઉદ્‌ઘાટન કરી રાજી થયા હતા. બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તથા અ.સૌ. પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા. આ પ્રસંગે અનેક ધામોથી સાંખ્યયોગી બાઈઓ પધાર્યા હતા. સભા સંચાલન શા.સ્વા. પ્રેમવલ્લભદાસજીએ સંભાળ્યું હતું. કોઠારી સ્વા. કૃષ્ણવલ્લભદાસજીના માર્ગદર્શન મુજબ શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર સેવા બજાવી હતી.

(શૈલેન્દ્રસિંહ ઝાલા)

### કવિસમ્રાટ સ.ગુ. દેવાનંદ સ્વામીના બળોલ (ભાલ) મંદિરનો ૭ મો પાટોત્સવ ઉજવાયો

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના શુભ આશીર્વાદથી તથા સ.ગુ. શા.સ્વા. હરિપ્રકાશદાસજી (મકનસર મહંતશ્રી)ની પ્રેરણાથી મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ તાબાના અને સંપ્રદાયના મહાન કવિ સ.ગુ. દેવાનંદ સ્વામીના જન્મ સ્થાન બળોલ (ભાલ)ના શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૭ મો વાર્ષિક પાટોત્સવ વિધિવત રીતે સંપન્ન થયો.

પ્રાતઃ ૯-૦૦ કલાકે પ.પૂ. મોટા મહારાજશ્રીનું સંત-પાર્ષદ મંડળ સાથે આગમન થતા સમસ્ત ગામ અને મૂળી-જેતલપુરના સંતોએ ખૂબજ ધામધૂમથી સ્વાગત સામૈયુ કર્યું હતું. સૌ પ્રથમ ભાઈઓના મંદિરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજનો ષોડશોપચાર અભિષેક કરીને આરતી ઉતારી હતી. ત્યારબાદ ઉતારે પધારીને સભામાં બિરાજમાન થયા હતા. સભામાં શા.સ્વા. ભક્તિનંદનદાસજી (જેતલપુર)એ સુંદર કથામૃત કરાવ્યું હતું. આજના પાટોત્સવના યજમાનો બળોલ રાજપૂત સમાજના નિવૃત કર્મચારીઓએ સમૂહમાં પ.પૂ. મોટામહારાજશ્રીની

આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. પ્રાસંગિક સભામાં મૂળી મહંત સ્વામીના પ્રતિનિધિ સ્વામી બાલસ્વરૂપદાસજી અને માજી મહંત શા. સ્વા. નારાયણપ્રસાદદાસજીએ પ્રાસંગિક પ્રવચન કરેલ. સભામાં વડીલ સંત શ્યામ સ્વામી, જેતલપુર મહંતશ્રી કે.પી. સ્વામી, યોગી સ્વામી, ભાનુ સ્વામી, નટુ સ્વામી, મુક્તસ્વરૂપ સ્વામી, મૂળીના કોઠારી વ્રજસ્વામી અને રામ સ્વામી આદિ સંતો પણ પધાર્યા હતા.

છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ ખૂબજ માર્મિક ટકોર કરીને મૂળી શ્રી રાધાકૃષ્ણદેવને વફાદાર રહેવા ઉપર અનેક દ્રષ્ટાંત આપી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ અન્નકૂટ આરતી ઉતારીને થાળ જમાડીને પ્રસાદીના તળાવમાં પ્રસાદીના ચરણારવિંદ ઉપર સુંદર છત્રી કરી છે તેનું પૂજન વિધિ કરી ગ્રામ ઉપર અમી દ્રષ્ટિ કરી સ્વસ્થાન પધાર્યા હતા.

(ખટાણા જેશંગભાઈ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ધ્રાંગધ્રા (બહેનોનું ધાંચીવાડ)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વાદથી બહેનોના શ્રી સ્વામિનારાયણ મંદિર ધ્રાંગધ્રા (ધાંચીવાડ)માં સાંખ્યયોગી કંચનબા, હિરાબા અને ભગવતીબાએ વચનામૃત જયંતી નિમિત્તે વચનામૃત (૨૭૩)ની પારાયણ કરીને સમસ્ત બહેનોને શ્રી રાધાકૃષ્ણદેવ મૂળી અને શ્રી નરનારાયણદેવ ગાદી પરત્વે ખૂબજ દ્રઢતા વધે તેવું કથામાં જ્ઞાન પિરસ્યુ હતું.

(પ્રતિ અનિલભાઈ દુધરેજીયા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર અખીયાણામાં કથા**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી અખીયાણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂળી મંદિરના ભક્તિ સ્વામીએ સુંદર મહિમા સભા કરીને મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ અને શ્રી નરનારાયણદેવ ગાદીને વફાદાર રહી પૂ. મહારાજશ્રીની આજ્ઞામાં રહી ભજન ભક્તિ કરી કલ્યાણ સાધી લેવા ઉપર સુંદર વાતો કરી હતી. (પ્રતિ અનિલભાઈ દુધરેજીયા, ધ્રાંગધ્રા)

**મૂળીના સંતો દ્વારા ગામડાઓમાં કથાવાર્તા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી અ.નિ. સ.ગુ.શા.સ્વા. વિજ્ઞાનદાસજીના શિષ્ય શા.સ્વા. ધર્મવલ્લભદાસજી અને શ્રીજીસ્વરૂપદાસજી આદિ સંતો મૂળીદેશના ઘનશ્યામનગર, ધાર, પ્રતાપગઢ, મયુરનગર, મચ્છુ કાંઠાના વેજલપુર આદિ ગામોમાં સર્વોપરિ ભગવાન શ્રીહરિના માહાત્મ્ય મહિમા અને મહારાજે પોતાના સ્થાને પધરાવેલા આચાર્ય મહારાજશ્રીનો મહિમા માહાત્મ્ય કથાવાર્તા કરી સમજાવે છે.

(રમેશભાઈ તારબુંદીયા, ઘનશ્યામનગર)

## વિદેશ સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર આટલાન્ટા**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી આટલાન્ટા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં કાળીચૌદશના શ્રી હનુમાનજીનૂં પૂજન, દિવાળીના ચોપડા પૂજન-લક્ષ્મીપૂજન અને નૂતન વર્ષના ઠાકોરજી સમક્ષ સુંદર અન્નકૂટ આદિ ધામધૂમથી થયા હતા. તુલસી વિવાહ પણ ભવ્ય રીતે સંપન્ન થયો. અત્રેના શા. સ્વામી સત્યસ્વરૂપદાસજી તથા પૂજારી સ્વામી અજયપ્રકાશદાસજી, ચેરમેનશ્રી દક્ષેશભાઈ, અને શ્રી રાજુભાઈના માર્ગદર્શનથી દાદાના દરબારમાં અન્નકૂટ ઉત્સવ ઉજવવા તમામ હરિભક્તો સેવામાં જોડાયા હતા. નાની બાલિકાઓ, બહેનોએ સુંદર રંગોળી પુરી હતી. તેમજ રંગબેરંગી દિવડાઓથી સમગ્ર મંદિરની શોભા ભવ્ય બની હતી. તુલસી વિવાહમાં લગ્ન ગીતોની રમઝટ સાથે સુંદર લગ્ન વિધિ થઈ હતી. મંદિરમાં વિકલી સભા માટે ૧૨૫ યજમાનો નોંધાયા હતા. છેલ્લે ઠાકોરજીને થાળ આરતી બાદ મહાપ્રસાદનું આયોજન થયું હતું.

(પ્રેસિ. દક્ષેશ પટેલ આટલાન્ટા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગો**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા સ્વામી શાંતિપ્રસાદદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગોમાં દિપોત્સવીના ભવ્ય અન્નકૂટોત્સવ ધામધૂમથી થયો હતો.

૨૪ નવેમ્બરના તુલસી વિવાહ પ્રસંગ ઉજવાયો હતો. જેમાં વર પક્ષના યજમાન ડૉ. હેતલભાઈ બાબુભાઈ પટેલ પરિવાર અને શ્રી હર્ષભાઈ છગનભાઈ પટેલ પરિવાર અને કન્યા પક્ષના યજમાન શ્રી ભાનુભાઈ ગોવિંદભાઈ પટેલ પરિવાર અને શ્રી રિતેષભાઈ મહેન્દ્રભાઈ પટેલ (ઉવારસદવાળા) પરિવારે લાભ લીધો હતો. શ્રી દિનેશભાઈએ સુંદર લગ્ન વિધિ કરાવી હતી. અત્રે સેવાપૂજા કરતા મૂળીના નિલકંઠ સ્વામીની સેવાને બિરદાવી હતી.

(વસંતભાઈ ત્રિવેદી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વોશિંગ્ટન ડી.સી.**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે નવેમ્બર માસની ૩, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૭, ૨૪ અને ૨૮ તારીખે અને ડિસેમ્બરની ૧ તારીખે શનિવારે તથા કાળી ચૌદશ દિવાળી નૂતન વર્ષ, એકાદશી અને દેવ દિવાળીના સુંદર સત્સંગ સભા થઈ હતી. કોલોનીયાથી ડી.કે. સ્વામીએ એક વિક સુધી કથા વાર્તાનો લાભ આપ્યો હતો. કાળી ચૌદશના શ્રી હનુમાનજીનું પૂજન, નૂતન વર્ષના ૧૭ તારીખના અન્નકૂટ, ભજન કીર્તન અને કથાવાર્તા થયા હતા. આ પ્રસંગે ૩૦૦ જેટલા હરિભક્તોએ દર્શનનો લાભ લીધો હતો.

પ્રબોધિની એકાદશીના કથા વાર્તા- ધૂન-ભજન કીર્તન થયા હતા. ૧ ડિસેમ્બરે ભવ્ય તુલસી વિવાહ બપોરે ૨-૩૦ થી ૬-૩૦ સુધી કરવામાં આવેલ. જેમાં સુંદર વરઘોડો કાઢીને કીર્તન ભક્તિ કરી હતી. ત્યારબાદ ઠાકોરજી સમક્ષ થાળ આરતી અને મહાપ્રસાદ થયા હતા. તુલસી વિવાહમાં ૨૦૦ હરિભક્તોએ લાભ લીધો હતો. (કનુભાઈ પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયામાં દીપાવલિ અન્નકૂટ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા અત્રે મંદિરના મહંત સ્વામીની પ્રેરણાથી દિપોત્સવીના ઉત્સવો, કાળી ચૌદશના શ્રી હનુમાનજીનુ પૂજન આરતી, દિવાળીના લક્ષ્મીપૂજન-ચોપડા પૂજન વિધિવત રીતે થયું હતું. ભગવાનનું સુવર્ણમય સિંહાસન દિપમાળાથી અલૌકિક શોભતું હતું. નૂતન વર્ષના શુભદિને સવારના મંગળાથી શણગાર, રાજભોગ, સંધ્યા અને શયન આરતીના દર્શન અને બપોરે અન્નકૂટના દર્શન કરીને હજારો હરિભક્તો ભાવ વિભોર બન્યા હતા. નૂતન વર્ષના પૂ. મહંત સ્વામીએ સર્વોપરિ ભગવાનનું સુંદર માહાત્મ્યની કથા કરી હતી.

દિવાળી પર્વની ઉજવણી બાદ રવિવારે રાત્રે યુવા હરિભક્તો દ્વારા નંદસંતો રચિત કીર્તન તથા લોક સાહિત્યના ભજનો અને હાસ્યનો સુંદર કાર્યક્રમ શ્રી યોગેશભાઈ, રમેશભાઈ, મશરૂવાળા, પ્રકાશભાઈ, મનોજભાઈ અને તેમના પુત્ર શ્યામે સુંદર પ્રોગ્રામ કરી સૌને આનંદિત કર્યા હતા. છેલ્લે શાસ્ત્રી સ્વામીએ સૌ કલાકારનું પુષ્પહારથી સન્માન કર્યું હતું. છેલ્લે સૌને પ્રસાદ જમાડવામાં આવેલ.

કારતક સુદ-૧૧ના ભવ્ય તુલસી વિવાહ ઉજવાયો. લગ્ન નિમિત્તે હોલને સુંદર શણગાર્યો હતો. સુંદર વરઘોડો, માતાજી અને ભગવાનના અદ્‌ભુત લગ્ન ધામધૂમથી લગ્નગીતોના મધુર ધ્વનિ સાથે થયા હતા. વરપક્ષ, કન્યાપક્ષ અને મોસાળ પક્ષના યજમાન બની હરિભક્તોએ સુંદર લાભ લઈ ધન્ય બન્યા હતા. બહેનોએ સુંદર સેવા બજાવી હતી. મહંત સ્વામીએ તુલસી વિવાહ પ્રસંગ, ચાતુર્માસની પૂર્ણાહુતિ વગેરેની કથામાં સુંદર વાત કરી ઉપદેશ દ્રષ્ટાંત સાથે સમજણ પુરી પાડી હતી. (પ્રવિણ શાહ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઓકલેન્ડ (ન્યુઝીલેન્ડ)**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી આપણા ઓકલેન્ડ મંદિરમાં ઠાકોરજી સમક્ષ દિવાળીના ઉત્સવો ધામધૂમથી ઉજવાયા હતા. જેમાં કાળી ચૌદશના શ્રી હનુમાનજીનું પૂજન, દીપાવલિના લક્ષ્મીપૂજન, ચોપડા પૂજન સમૂહમાં થયું હતું.

નૂતન વર્ષના ગોવર્ધન પૂજા, અન્નકૂટ આરતી, સાંજે સત્સંગ સભામાં કીર્તન ભક્તિ બાદ કથામાં શાસ્ત્રીજીએ જેતલપુરના જીવણ ભગતના મઠના રોટલાની કથા વિસ્તારથી કહી હતી. ત્યારબાદ, સભામાં લીગ, સ્ક્રીન પર પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વચન સંભળાવ્યા હતા. પ.ભ. ડૉ. કાંતિભાઈ પટેલે નૂતન વર્ષ નિમિત્તે પોતાના અંતરની ભાવના સાથે શ્રીજી મહારાજ અને ધર્મકુળની આજ્ઞામાં રહેવા પર ખાસ વાત કરી હતી. અન્નકૂટ મહોત્સવના યજમાન પ.ભ. જૈમિનભાઈ પટેલ તથા મંદિરના કોઠારીશ્રી અતુલભાઈ પટેલે સુંદર લાભ લીધો હતો. ભાઈઓ અને બહેનોએ સુંદર સેવા કરી હતી. ગુજરાતી અને હિન્દી કલાસના વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. (બિપીન ઠક્કર)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| આસો સુદ-૫ | વાલજીભાઈ (ડ્રાયફ્રૂટ હલવો) (હ. કે.પી. સ્વામી) | માંડવી-કચ્છ |
| આસો સુદ-૬ | હિરાણી મનજી શિવજી (મગશ) (હ. બ્ર. રાજેશ્વરાનંદજી) | નારાયણપર-કચ્છ |
| આસો સુદ-૭ | અ.નિ. શાંતાબેન કાંતિલાલ ઠાકર (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| આસો સુદ-૧૨ | પટેલ આકાશ મહેન્દ્રભાઈ (મોહન થાળ) | અમદાવાદ |
| આસો સુદ-૧૨ | પટેલ સંતોકબેન જેઠાલાલ (ચુરમાના લાડુ) | વિહાર |
| આસો સુદ-૧૨ | પટેલ જગદીશભાઈ (મગશ) (હ. જે.પી. સ્વામી, અશોકભાઈ) | શિકાગો |
| આસો સુદ-૧૨ | મેપાણી મનજી નાથા (મોહનથાળ) | સુખપર-કચ્છ |
| આસો સુદ-૧૩ | અંબિકા ટ્રેડીંગ કું. (બુંદીના લાડુ) | અમદાવાદ |
| આસો સુદ-૧૪ | મોદી પ્રવિણભાઈ મણીલાલ (મોહનથાળ) (હ. મુનિ સ્વામી) | મોડાસા |
| આસો સુદ-૧૪ | પટેલ નટવરભાઈ ગોવિંદભાઈ (મોહનથાળ) | દેઉસણા |
| આસો સુદ-૧૪ | પટેલ કરણભાઈ ઘનશ્યામભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| આસો સુદ-૧૪ | રેખાબેન મુકેશભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| આસો વદ-૧ | મુછાલા હિરાલાલ પોપટલાલ (મોહનથાળ) | અમદાવાદ |
| આસો વદ-૫ | પટેલ નરેન્દ્રભાઈ શાંતિભાઈ (પપ્પુભાઈ ચેનલવાળા) (ચુરમાના લાડુ(હ. કોઠારી દિગંબર ભગત) | અમદાવાદ |
| આસો વદ-૭ | ઠાકર ગોપીનાથ રતિલાલ (મોહનથાળ) (હ. રામ સ્વામી પૂજારી) | અમદાવાદ |
| આસો વદ-૧૧ | અ.નિ. શામજીભાઈ દેવજીભાઈ વરસાણી (ફરાળની રસોઈ) (હ. નિરવ શામજીભાઈ) | |
| આસો વદ-૧૨ | પટેલ રમણભાઈ કાંતિભાઈ (દૂધપાક-માલપુંવા) (હ. જે.પી. સ્વામી) | અમદાવાદ |

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**

**૬૬૬/- મૂળજીભાઈ કાચા ટેલર લેસ્ટર (યુ.કે.)**
૧૦૧/- અ.નિ. માવજી હિરજી પરમાર વિલેપાર્લે
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- અ.નિ. બચુલાલ માવજી પરમાર વિલેપાર્લે
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- અ.નિ. માધવજી માવજી પરમાર વિલેપાર્લે
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- ગં.સ્વ. મુક્તાબેન બચુલાલ પરમાર વિલેપાર્લે
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- જગદીશ બચુલાલ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે વિલેપાર્લે
૧૦૧/- ચૌહાણ સંદિપ અરવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બારડોલી
૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ દહેગામ
માસિક પુણ્ય તિથિ નિમિત્તે
૧૦૦/- સોની ચંદ્રકાન્તભાઈ વિરચંદભાઈ પાટડીયા જન્મદિવસ નિમિત્તે અમદાવાદ
૧૦૦/- મનાણી સંદિપ જયંતિલાલ વ્યોમના જન્મ દિવસ નિમિત્તે વાપી
૧૦૦/- રાઠોડ વિજય બાબુલાલ બેબીના જન્મ નિમિત્તે સુરત
૧૦૦/- ચૌધરી ખુશ્બુ જયેશકુમાર ડાહ્યાભાઈ વંશના જન્મ નિમિત્તે બાલવા
૧૫૧/- પટેલ નટવરભાઈ મંગળદાસ વિહારવાળા
ચિ. પ્રણવ તૃષાને કેનેડાના પી.આર. નિમિત્તે
૧૦૦/- પટેલ અંજનાબેન મનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નાંદોલ
૧૫૦/- પટેલ દક્ષાબેન જગદીશકુમાર કેનેડાના સીટીઝન થયા તે આનંદપુરા
૧૦૧/- પટેલ સમર્થ અજીતભાઈ જર્મની ભણવા ગયા તે નિમિત્તે અડાલજ
૧૦૦/- અ.નિ. ચૌહાણ કાંતાબેન સોમાભાઈના સ્મરણાર્થે ચાંદખેડા
૧૦૦/- મોદી સુશીલાબેન બી. શ્રીજી પ્રસન્નાર્થે રાજકોટ
૨૦૧/- ભાવસાર જીતેન્દ્રકુમાર શાંતિલાલ નવાવાડજ
નવી ગાડી લાવ્યા તે નિમિત્તે
૧૦૧/- કાછીયા કલ્પ અંકિતકુમાર ચૌલક્રિયા નિમિત્તે લુણાવાડા
૨૦૧/- શ્રી રાધાકૃષ્ણ દેવ સત્સંગ સમાજ દ્વારા મૂળી
નવધામ પદયાત્રા નિમિત્તે
૧૧૧/- સોની કાશ્મીરાબેન વિમલભાઈ ચિ.હેતવીનું અમદાવાદ
પૂ. ગાદીવાળાશ્રીએ નામ પાડ્યું તે નિમિત્તે
૧૦૦/- ભાવસાર નરેન્દ્રભાઈ સકરચંદભાઈ જન્મદિવસ નિમિત્તેઅમદાવાદ
૧૦૦/- ટાંક કૃપાબેન ભાવેશભાઈના જન્મ નિમિત્તે બોડકા
૧૦૦/- શાહ ભગવતભાઈ ફકીરચંદ શ્રીજી પ્રસન્નાર્થે ગાંધીનગર
૧૦૧/- ભાવસાર ચેતન મંગળદાસ જન્મદિને અમદાવાદ
૧૦૧/- રાઓલ રાજેન્દ્રસિંહ અભેસિંહ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- ઝીંઝુવાડિયા અમિત નિલેશકુમાર બ્રિયાંશીનું અમદાવાદ
નામ પૂ. ગાદીવાળાશ્રીએ રાખ્યું તે નિમિત્તે
૧૦૧/- ચૌહાણ ભીખુભા મોતીસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ભોળાદ (ભાલ)
૧૦૧/- પટેલ કલાવતીબેન ગોવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ન્યુ રાણીપ
૧૧૧/- અ.નિ. મોદી રણછોડલાલ સૂરચંદદાસ શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૧૦૦/- અ.નિ. મોદી મગનલાલ અમથાલાલ સેટેલાઈટ
હ. અમરતલાલ શ્રીજી પ્રસન્નાર્થે
૧૦૧/- પંચાલ જીગ્નેશભાઈ અરવિંદભાઈ ચાંદલોડીયા
બેબીના જન્મ નિમિત્તે
૧૦૧/- અ.નિ. કાછીયા જીગર ગોવિંદભાઈની કોઠંબા
બીજી પૂણ્યતિથિ નિમિત્તે
૨૦૨/- કાછીયા ચિમનલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે મુંબઈ-મલાડ
૧૦૧/- પટેલ કૈલાસબેન શાંતિલાલ રનેલા
ચાતુર્માસના પાંચ વર્ષ પુરા કર્યા તે નિમિત્તે
૨૦૦/- પટેલ નવ્યા આશિષકુમાર જન્મ દિવસ નિમિત્તે અમદાવાદ
૧૦૦/- દરજી મનોજભાઈ અશોકભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦૦/- પરમાર શનિભાઈ ચંદુભાઈ બારડોલી
જન્મ દિવસ નિમિત્તે નરનારાયણદેવના ચરણોમાં
૧૦૦/- પટેલ યુગ્વીબેન અંકિતકુમાર આકરુંદ
૧૪-૧૨-૨૦૧૨ જન્મ દિવસ નિમિત્તે
૨૦૦/- પટેલ ઘનશ્યામભાઈ મણીભાઈ રાજકોટ
સ્વીફટ ગાડી લાવ્યા તે નિમિત્તે
૨૦૧/- વાઘેલા આનંદબા ઘનશ્યામસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- અ.નિ. નીતાબેન જયેશકુમાર શ્રીજી પ્રસન્નાર્થે ધૂડકોટ
૧૦૧/- રાઠોડ મુકેશભાઈ મનસુખભાઈ સગાઈ નિમિત્તે ઘૂડકોડ
૧૦૧/- રાઠોડ ચેતનાબેન મનસુખભાઈ સગાઈ નિમિત્તે ઘૂડકોડ
૧૦૦૧/- પટેલ નિલેશ તથા કેતન તથા અમરતલાલ ગોવિંદપુરા (વેડા)
નવી ગાડી લાવ્યા તે નિમિત્તે
૧૦૦/- મકવાણા નટવરભાઈ છગનભાઈ દરિયાપુર
લગ્નના ૨૫ વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે
૧૦૧/- અ.નિ. ચૌધરી ઘેમરભાઈ પૂંજાભાઈ આમજા
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- પટેલ રિંકલકુમાર કાંતિલાલ શ્રીજી પ્રસન્નાર્થે રનેલા
૧૦૦/- મોરી અજીતભાઈ પથાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલિયાણા
૧૦૧/- પટેલ અરવિંદભાઈ ભલાભાઈ શ્રીહરિ પ્રસન્નાર્થે દહેગામ
૧૦૦૦/- પટેલ બબુબેન રમણલાલ મુલચંદદાસ રાજપુર
કુંટુંબની સુખશાંતિ માટે
૨૦૦/- વણોલ નરસિંહભાઈ ડાહ્યાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલિયાણા
૧૦૧/- પટેલ મનોરમાબેન પિયુષભાઈ ચાતુર્માસ નિમિત્તે સૂકાટીંબા
૧૦૦/- ભાવસાર નીરુબેન પ્રવિણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ગાંધીનગર
૧૫૧/- જયસ્વાલ સંજયભાઈ કનૈયાલાલ શ્રીજી પ્રસન્નાર્થે સૂકાટીંબા
૧૦૧/- પટેલ મંગુબેન પરષોતમદાસ શ્રીજી પ્રસન્નાર્થે વડુ
૧૦૧/- પટેલ કનૈયાલાલ દેવજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૧/- પટેલ હરજીવનભાઈ રામાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૧/- પટેલ ઈશ્વરભાઈ જેઠાભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે રનેલા
૨૦૦/- પટેલ નટુભાઈ કેશવલાલ ચિ. સ્મિતાના લગ્ન પ્રસંગે ભાઉપુરા
૧૦૧/- મોદી જયંતિલાલ મગનલાલ પૌત્ર નક્ષના જન્મ પ્રસંગે બાવળા
૧૧૧/- પટેલ પ્રહલાદભાઈ લક્ષ્મણભાઈ નાના ઊભડા
ગાડી લાવ્યા તે નિમિત્તે
૧૦૦/- પટેલ સ્મિતાબેન નરેન્દ્રભાઈ સગાઈ નિમિત્તે ઈટાદરા
૧૦૧/- રાવલ પ્રવિણચંદ્ર તથા નયનાબેન છપૈયા યાત્રા નિમિત્તે કાલિયાણા
૧૦૦/- કગથરા શામજીભાઈ રાધવજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રાજકોટ
૧૦૧/- સભાયા દર્શનકુમાર કિરણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- પટેલ બળદેવભાઈ મોહનભાઈ ખેડા
તા. ૧-૧૨-૨૦૧૨ જન્મ દિવસ નિમિત્તે
૧૦૦/- પટેલ જયંતિભાઈ વાલજીદાસ ગવાડા
ચિ. કમલેશના જન્મ દિન નિમિત્તે
૧૦૦/- અ.નિ. પટેલ શાંતિબેન શંકરભાઈ હ. મીત, શ્રીજી પ્રસન્નાર્થે મેથાણ
૧૦૧/- પટેલ કૌશલકુમાર પોપટલાલ સાંકાપુરા
ચિ. શ્રેયના જન્મ દિવસ નિમિત્તે
૨૫૧/- પટેલ હિમાભાઈ ભલાભાઈ ચિ. પ્રેમલના લગ્ન પ્રસંગે અસલાલી
૨૦૦/- પટેલ નાથાભાઈ દેવચંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સાંચોદર
૧૦૧/- અ.નિ. પટેલ બાબુભાઈ શામળદાસ જન્મ દિવસ નિમિત્તે નરોડા
૫૦૧/- પટેલ નેહા જીગ્નેશકુમાર સાબરમતી
નવી હોસ્પિટલના ઉદ્‌ઘાટન નિમિત્તે
૧૦૦/- સોલંકી ઉમેશ નારણદાસ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦/- ભાવસાર કનુભાઈ ભીખાભાઈ વાડજ
ચિ. દેવલ વધુ અભ્યાસાર્થે કેનેડા ગયો તે નિમિત્તે
૨૦૦/- પટેલ આરવ સંકેતભાઈ જન્મદિવસ નિમિત્તે નાંદોલ
૧૦૧/- પટેલ પ્રિંશી અલ્કેશભાઈ હ. વીણાબેન જન્મ દિને દહેગામ
૧૦૧/- પટેલ અનિતાબેન મુકેશભાઈ ચિ. કુશલની વર્ષગાંઠ નિમિત્તે વાવોલ
૧૦૦/- પટેલ જશુભાઈ હીરાભાઈ જન્મ દિવસ નિમિત્તે આકરૂંદ (બાયડ)
૧૦૦/- પટેલ દેવેન્દ્રભાઈ માવજીભાઈ આકરૂંદ (બાયડ)
નોકરીમાંથી નિવૃત થયા તે નિમિત્તે

૧૦૦/- પટેલ ભાવિનકુમાર દેવેન્દ્રભાઈ ગાંધીધામ(બાયડ)
તા. ૧૧-૧૨-૨૦૧૨ જન્મ દિવસ નિમિત્તે
૧૦૦/- પટેલ દેવલબેન ભાવિનકુમાર ગાંધીધામ(બાયડ)
તા. ૧૩-૧૨-૨૦૧૨ જન્મ દિવસ નિમિત્તે
૧૦૧/- ટાંક ભાવેશભાઈ ભગવાનભાઈ બોડકા
ચિ. ઈશાને ભણવા બેસાડી તે નિમિત્તે
૧૦૧/- ટાંક હસમુખભાઈ ભગવાનભાઈ ચાર્મીબેનને રાજકોટ
ભણવા બેસાડ્યા તે નિમિત્તે
૧૦૧/- સોલંકી ગાંડાભાઈ ગોબરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ડેમાઈ
૧૧૧/- અ.નિ. મોદી ચંચળબેન રણછોડલાલ શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૧૦૦/- પટેલ ભૌમિકભાઈ ભાઈલાલભાઈ જન્મ દિને અડાલજ
૧૫૧/- સિંધવ ચિરાગભાઈ કેશુભાઈ બળોલ-ભાલવાળા(હાંસોલ)
શ્રીજી પ્રસન્નાર્થે
૧૦૦/- પરમાર રણછોડભાઈ કરશનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બળોલવાળા
૧૦૧/- અ.નિ. કાછીયા કંચનલાલ મણીલાલના સ્મરણાર્થે લુણાવાડા
૧૦૦/- મકવાણા વર્ષાબેન નટવરલાલ વર્ષગાંઠ નિમિત્તે દરિયાપુર
૧૦૧/- પટેલ સૃષ્ટિ ચિરાગભાઈ યુ.એસ.એ. (માણેકપુર)
જન્મદિવસ નિમિત્તે
૧૦૧/- ગજ્જર ચંદુભાઈ આર. નવુ મકાન બનાવ્યું તે નિમિત્તે અમદાવાદ
૧૫૦૧/- બલદાણીયા જીતેન્દ્રકુમાર સવાઈલાલ ગઢડા
ચિ. કૃણાલ અને રાજેશ્રીના લગ્ન નિમિત્તે
૧૦૦/- પટેલ કેતનભાઈ શંકરભાઈ સિકા (બાયડ)
વેગન આર ગાડી લાવ્યા તે નિમિત્તે
૧૦૦/- પટેલ નવીનભાઈ હીરાભાઈ આકરૂન્દ (બાયડ)
ચિ. નિરવના શુભ લગ્ન પ્રસંગે
૧૦૦/- ડોડીયા વાલજીભાઈ વજાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે દેદાદરા
૧૦૧/- ચૌહાણ પંકજભાઈ લાલજીભાઈ જન્મદિવસ નિમિત્તે અમદાવાદ
૧૦૧/- ચૌહાણ પ્રકાશભાઈ લાલજીભાઈ જન્મદિવસ નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ ખુશ કમલેશભાઈ જન્મ દિવસ નિમિત્તે ગવાડા
૫૦૦/- પટેલ સાહિલ અશોકભાઈ કાંતિભાઈ ચાંદખેડા
નવો કેમેરો લીધો તે નિમિત્તે શ્રીજી પ્રસન્નાર્થે
૧૫૧/- પટેલ રાજ અમિતકુમાર સાકરતુલા નિમિત્તે યુ.એસ.એ.
૧૦૧/- પટેલ મહેન્દ્રભાઈ નાથાલાલ શ્રીજી પ્રસન્નાર્થે રાણીપ
૧૦૧/- પટેલ સરોજબેન મહેન્દ્રભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રાણીપ
૧૦૧/- વનિતાબેન મનુભાઈ નવી સ્કૂટી લાવ્યા તે નિમિત્તે ભાવનગર
૧૧૦૦/- મેવાડા રમેશભાઈ કોન્ટ્રાક્ટર અમદાવાદ
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- પટેલ કલ્પ આશિષકુમાર જન્મદિવસ નિમિત્તે ખેરોલ
૫૦૧/- પટેલ અશોકભાઈ આત્મારામભાઈ ચાંદખેડા
માતા-પિતાના સ્મરણાર્થે
૧૦૦/- વરુ હર્ષદકુમાર રાજેશભાઈ જન્મ દિવસ નિમિત્તે અમદાવાદ
૧૦૦/- વરુ દર્શનકુમાર રાજેશભાઈ જન્મ દિવસ નિમિત્તે અમદાવાદ
૧૦૦/- વસાણી ધર્મેશભાઈ ગોવિંદભાઈ ચિ. મધુરમના જન્મ દિવસ નિમિત્તે સુરત
૧૦૧/- ચૌહાણ લાલજીભાઈ પી. પૌત્ર મોહિતના જન્મ દિને અમદાવાદ
૧૦૦/- પટેલ વીણાબેન જગદીશભાઈ ધનુર્માસ નિમિત્તે બાયડ
૫૦૧/- ભાવસાર શર્મિષ્ઠાબેન કનૈયાલાલ કલોલ
હ. પ્રશાંત ભાવસાર શ્રીજી પ્રસન્નાર્થે
૧૦૧/- ઠક્કર અનિલભાઈ લાલજીભાઈ જન્મદિવસ નિમિત્તે ચાંદલોડીયા
૧૦૦/- પટેલ સુનીલકુમાર રમેશભાઈ બાઈક નિમિત્તે અમદાવાદ

### નવું પ્રકાશન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ''શ્રીહરિલીલા વાર્તા વિવેક'' પુસ્તકનું પ્રકાશન થયું છે. શ્રીહરિના લીલા ચરિત્રોથી ભરપુર આ પુસ્તક શ્રીહરિ સમકાલિન નંદ સંતે લખેલું છે. જેનું સંપાદન શાસ્ત્રી સ્વામીશ્રી હરિકેશવદાસજીએ કરેલું છે. અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ગાંધીનગર સેક્ટર-૨૩ ના આપણા મંદિરમાં સત્સંગ આરાધના પર્વ પ્રસંગે આ પુસ્તકનું વિમોચન થયું હતું.

આ પુસ્તક આપણા કાલુપુર સ્વામિનારાયણ મંદિરના સાહિત્ય કેન્દ્ર પરથી મળી શકશે.

## અક્ષરનિવાસી હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**મહેસાણા :** શ્રી નરનારાયણદેવના અનન્ય આશ્રિત, ધર્મકુળના કૃપાપાત્ર શ્રી નરનારાયણદેવ દેશ સ્કીમ કમિટી સભ્ય પરમ ભગવદિય શ્રી જી.કે. પટેલ (મોટપવાળા)ના પૂજ્ય પિતાશ્રી પરમ ભગવદિયશ્રી કાશીરામદાસ કરશનદાસ પટેલ સર્વોપરિ ભગવાન શ્રી સ્વામિનારાયણનું અખંડ સ્મરણ કરતા તા. ૨૭-૧૧-૧૨ના રોજ અક્ષરનિવાસી થયા છે. દંઢાવ્ય દેશમાં એક પીઢ સત્સંગીની મોટી ખોટ પડી છે. શ્રીહરિ તેમના પરિવારને ધૈર્ય અને બળ આપે તેવી પ્રાર્થના.

**અમદાવાદ :** મૂળ કુંડાળ (તા. કડી) ગામના કલા ભગતના વંશજ અને પ.પૂ. મોટા મહારાજશ્રી એવં ધર્મકુળના કૃપાપાત્ર અને શ્રી નરનારાયણદેવના દૃઢ આશ્રિત યુવા હરિભક્ત પ.ભ. દિપકભાઈ નગીનદાસ પટેલ તા. ૩૦-૧૧-૧૨ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. શ્રીજી મહારાજ તેમના પરિવારને ધૈર્ય અને બળ પ્રેરે તેવી પ્રાર્થના.

**અમદાવાદ (બાપુનગર) :** પ.ભ. બટુકભાઈ જાદવભાઈ બવાડીયા (ઉ. ૪૬ વર્ષ) તા. ૨૮-૧૧-૨૦૧૨ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ :** પ.ભ. મણીલાલ ટી. પટેલ (સોજાવાળા)ના સુપુત્ર પ.ભ. દિનેશકુમારના ધર્મપત્ની મીનાબેન (ઉ. ૫૦ વર્ષ) તા. ૪-૧૨-૨૦૧૨ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**દહેગામ :** પ.ભ. નટવરભાઈ ઈશ્વરભાઈ પટેલ (અમીન) તા. ૩૧-૧૦-૨૦૧૨ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**કંજરીકંપા :** પ.ભ. ડાહ્યાભાઈ પૂંજાભાઈ પટેલ કોઠારીશ્રી તા. ૨૭-૧૨-૨૦૧૨ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.